

જામિઅહ ઉલૂમુલ કુર્આન,
જંબુસરનું મુખપત્ર

# અલ-બલાગ

## માસિક

## જુન - ૨૦૨૦


માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ |
| નબીને નરમીની નસીહત | ૫ |
| મઆરિફુલ હદીસ | ૧૦ |
| મહમૂદ સુબુકતગીન ગઝનવી | ૧૫ |
| માલનો ફિત્નો | ૧૭ |
| કોરોના વાયરસ, અસબાબ–ઈલાજ | ૨૧ |
| પાંચ નમાઝોની રકાતોની સંખ્યા | ૨૪ |
| શેખ અબ્દુન્નબી ગંગોહી રહ. | ૨૫ |
| શેખ અ.કુદૂસ દ્વારા રાજાઓને નસીહત | ૨૬ |
| હઝ.મવ.મુફતી સઈદ પાલનપૂરી રહ. | ૨૭ |
| ફતાવા વિભાગ | ૩૨ |
| બોધકથા | ૩૪ |
| The beauty of an Ummati | ૩૫ |
| છેલ્લા પાને | ૩૮ |


હસન બસરી રહ. ફરમાવે છે કે દુનિયાના કામોમાં મશ્ગૂલી વધારે ન રાખો. એનો શોખ કે શોધ ન કરો. દુનિયાના કામોનો તો કોઈ હિસાબ નથી. માણસ એક મશ્ગૂલી અપનાવે છે, એક કામ શરૂ કરે છે, અને એમાંથી દસ કામો અને દસ મશ્ગૂલીઓ નીકળી આવશે.


# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

જૂન – ૨૦૨૦ ઈ.

શવ્વાલ –૧૪૪૧ હિ.

વર્ષ – ૨૦, અંક – ૪

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

***મૌલાના મદની મેમો. હાઇસ્કૂલ. જંબુસર ધો. ૧૨ સાયન્સનું પરિણામ***

ચાલુ વરસે ૪૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૩૪ પાસ થયા અને ૧૩ નાપાસ થયા છે. પરિણામ નીચે મુજબ છે :

ગુજરાત રાજય બોર્ડનું પરિણામ : ૭૧.૪૫ ટકા.

ભરૂચ જિલ્લા બોર્ડનું પરિણામ : ૬૩.૧૪ ટકા

જામિઅહ હાઈસ્કૂલ જંબુસર પરિણામઃ ૭૨.૩૪ ટકા

શાળામાં પ્રથમ આવનાર ત્રણ વિદ્યાર્થીઓ :

(૧) દાલ આમિર જાવીદ ૭૭.૭૧ ટકા

(૨) ભાદરખા જુબેર અહમદ ૭૧.૮૬ ટકા

(૩) પટેલ ફાયઝા ફારૂક ૭૦. ૫૭ ટકા

આ વરસે કુલ ૧,૧૬,૪૯૪ વિદ્યાર્થીઓ દ્વારા બોર્ડની પરીક્ષા આપવામાં આવી હતી, જેમાંથી ૮૩, ૧૧૧ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. આ વિદ્યાર્થીઓમાં સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ ગુણ મેળવનાર ૧% વિદ્યાર્થીઓને સરકાર શ્રી તરફથી વિશેષ અભ્યાસ માટે પ્રતિવર્ષ ૮૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે. આ વિદ્યાર્થીઓમાં જામિઅહ સંચાલિત હાઈસ્કૂલના વિદ્યાર્થી દાલ આમિર જાવીદનો પણ સમાવેશ થાય છે.


ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે
'અલ બલાગ' માસિક અંગેની માલિકી અને અન્ય માહિતીનું નિવેદન

| | | |
|---|---|---|
| પ્રકાશન સ્થળ | : | જામિઅહ ઉલૂમુલ કુર્આન, બાયપાસ રોડ, જંબુસર, ૩૯૨૧૫૦, જી : ભરૂચ. ગુજરાત. |
| સામયિકતા | : | માસિક |
| મુદ્રક/સરનામું | : | જામિઅહ પ્રિન્ટીંગ પ્રેસ, જામિઅહ કોમ્પલેક્ષ બાયપાસ રોડ, જંબુસર, જી : ભરૂચ |
| પ્રકાશક/તંત્રીનું નામ | : | અહમદ યાકૂબ પટેલ |
| રાષ્ટ્રીયતા/સરનામું | : | ભારતીય, બાયપાસ રોડ, જંબુસર, ૩૯૨૧૫૦, જી : ભરૂચ. |
| માલિકનું નામ | : | જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર, બાયપાસ રોડ, ૩૯૨૧૫૦, જી : ભરૂચ. ગુજરાત |

તંત્રી લેખ...

આલિમો અને તલબાની સેવામાં...

લોકડાઉન એમ તો ધીરે ધીરે અનલોક થઈ રહયું છે, પણ શૈક્ષણિક કામ કરતા લોકો માટે, વિશેષ કરીને ઉલમા અને તલબા માટે તો હજુ લોકડાઉન એક માસ કે વધારે સમય સુધી ચાલે એવું લાગે છે. આટલો બધો સમય ઘરે બેસી રહીને શું કરવું, એ પ્રશ્ન બધાંને મંઝવે છે. ઉલમા, તલબા અને શિક્ષકો પણ આ બાબતે મુંઝવણ અનુભવે છે.

આ દિવસોમાં અમને વોટસએપ ઉપર એક યુટયુબ વિડીયોની લિંક મળી. અરબસ્તાનના એક કારી સાહેબે 'હદર' એટલે કે થોડું જલદી જલદી પઢીને આખું કુરઆન સાડા સાત કલાકમાં પુરું કર્યું છે એની આખી ઓડિયો – વીડીયો અપલોડ કરી છે. જેમાં તિલાવતની સાથે કુરઆનના પેજ પણ બદલાતા જાય છે.

મતલબ કે હાફેજ લોકો જો ચાહે તો ૯ – ૧૦ કલાકમાં આખું કુરઆન શરીફ ખતમ કરી શકે છે. વર્તમાન સમયમાં દિવસના ૧૦ કલાક તિલાવત માટે ફાળળવા ઘણું જ આસાન છે. આ નેક અમલને હિમ્મત કરીને શરૂ કરી દેવો જોઈએ. રોજનું એક કુરઆન ખતમ કરીને ઘણા બધા કુરઆનોનું ખતમ જમા કરી લ્યો. જેને આપણા સગા – સંબંધીઓને ઈસાલે સવાબ પણ કરી શકાશે અને કુરઆન સાથે ઘણો બધો લગાવ અને સંબંધ પણ જોડાય જશે.

જે લોકો હાફેજ નથી એવા શિક્ષકો અને અન્ય લોકોને વિનંતી કે દિવસના સાત – આઠ કલાક કાઢીને રોજ આખું કુરઆન સાંભળી લ્યો તો રોજના એક કુરઆન સાંભળવાનો સવાબ મળશે. જે ઘણો જ વધારે હશે.

જિંદગીમાં આવો ફુરસતનો સમય કદાચ જ ફરીવાર આવે. મરવા પછી સમય મળશે પણ આ નેકીનો મોકો નહીં રહે. અલ્લાહ તઆલાની અજીબ વ્યવસ્થા છે. લોકો સમય ન હોવાની શિકાયત કરતા હતા, એમને અલ્લાહ તઆલાએ એટલો બધો સમય આપી દીધો કે હવે પસાર નથી થતો.

અત્યાર સુધી ઘણો સમય પસાર થઈ ચુકયો છે, પણ હજુ મોકો છે.

મદરસાના તલબા, મકતબના મુદર્રિસો અને બધા જ ઉલમા – તલબા – શિક્ષકોને અમારી નમ્ર વિનંતી છે આ સોનેરી મોકાને ગનીમત સમજીને પોતે પણ એનો લાભ ઉઠાવે. પોતાના બાળકો, સંબંધ હોય એવા તલબા અને યુવાનોને પણ એની પ્રેરણા આપીને આ નેક કામમાં મશ્ગૂલ કરે.

جاگنا ہے تو جاگ لے افلاک کے سایہ تلے -- حشر تک سونا پڑے گا خاک کے سایہ تلے

## જામિઅહને સદમો

પાછલા દિવસોમાં અમુક વિશેષ બુઝુર્ગો અલ્લાહ તઆલાની રહમતમાં પહોંચી ગયા, એમની વફાતની નોંધ લઈને એમના માટે દુઆની ગુઝારિશ કરવી મારા માટે જરૂરી છે.

હઝરત મવલાના મુફતી સઈદ સાહેબ પાલનપૂરી રહ. શૈખુલ હદીસ અને સદર મુદર્રિસ દારૂલ ઉલૂમ દેવબંદ. આપ રહ. દા.ઉ. દેવબંદના શૈખુલ હદીસ હોવા ઉપરાંત આજના સમયે મસ્લકે દેવબંદના સૌથી મોટા તરજુમાન અને પ્રવકતા હતા. ભારતીય ઉપખંડમાં કુરઆન, હદીસ, ફિકહ અને ઈસ્લામી વિચારધારા (ફિલોસોફી)ના એકમાત્ર સર્વગ્રાહી આલિમ કહી શકાય. અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા કરે. અને દેશને એમના સ્થાને યોગ્ય અને કાબેલ હસ્તી અતા ફરમાવે.

હઝરત મવલાના અહમદ હુસૈન પટની રહ. શૈખુલ હદીસ અને સ્થાપક મદરસા કંજે મરગૂબ, અમદાવાદ. અમદાવાદ ખાતે દીની તાલીમી સેવાઓનો ઉજળી ખિદમાત આપનો સદકએ જારિયહ છે. મુસ્લિમોનો ભવ્ય ભુતકાળ અને ધુંધળું વર્તમાન ધરાવતા શહેરમાં આપ રહ.એ તાલીમની શમા રોશન કરી હતી અને શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં દીની તાલીમ અને તબ્લીગની મહેનતને આપ રહ.ના પ્રયત્નોથી ઘણો વેગ – પ્રસાર મળ્યો છે. અમદાવાદ ખાતે મુસ્લિમ પર્સનલ લો બોર્ડ હેઠળ કાર્યરત દારૂલ કઝાની કમીટીના આપ રહ. સભ્ય હતા અને સ્થાનિક સ્તરે દારૂલ કઝાને સમર્થન મળે, લોકો એનાથી જોડાયને પોતાના પ્રશ્નો એના થકી હલ કરે એ માટે ઘણી મહેનત ફરમાવતા હતા. અલ્લાહ તઆલા એમની સેવાઓને કુબૂલ ફરમાવે અને સદકએ જારિયહ બનાવીને ખૂબ બદલો ઈનાયત ફરમાવે. આમીન.

હઝરત મવલાના યૂસુફ બોધાનિયા રહ. કેનેડા. આપ રહ. જામિઅહ અશરફીય રાંદેરના જૂના ફાઝિલ અને મુદર્રિસ હતા. હાલ કેનેડા ખાતે મુકીમ હતા. આ મદરસાઓના સોનેરી દોરના કાબેલ મુદર્રિસ તરીકે આપ રહ.ની ગણના થતી હતી. હઝ.અકદસ મવલાના ઈબ્રાહીમ સા. દેવલા દા.બ.ના રાંદેર અને દેવબંદ ખાતેના તાલીમના સહપાઠી હતા. હઝ.અકદસ મવલાના મુફતી અહમદ ખાનપૂરી દા.બ. જેવા એમના શાગિર્દથી આજે વિશ્વ ફૈઝયાદ થઈ રહયું છે. અલ્લાહ એમની મગફિરત ફરમાવે અને એમને તાલીમી તરબિયતી સેવાઓ કુબૂલ ફરમાવીને બેહતરીન બદલો ઈનાયત ફરમાવે. આમીન.

# મોમિનોને કાફિરો જેવી વાતો ન કરવાની અને નબીને નરમીની નસીહત

—— મુફતી ફરીદ અહમદ કાવી

بسم الله الرحمن الرحيم
يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَكُوْنُوْا كَالَّذِيْنَ كَفَرُوْا
وَقَالُوْا لِاِخْوَانِهِمْ اِذَا ضَرَبُوْا فِي الْاَرْضِ اَوْ كَانُوْا
غُزًّى لَّوْ كَانُوْا عِنْدَنَا مَا مَاتُوْا وَمَا قُتِلُوْا ۚ
لِيَجْعَلَ اللّٰهُ ذٰلِكَ حَسْرَةً فِيْ قُلُوْبِهِمْ ۗ وَاللّٰهُ يُحْيٖ
وَيُمِيْتُ ۗ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿١٥٦﴾ وَلَئِنْ
قُتِلْتُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ اَوْ مُتُّمْ لَمَغْفِرَةٌ مِّنَ اللّٰهِ
وَرَحْمَةٌ خَيْرٌ مِّمَّا يَجْمَعُوْنَ ﴿١٥٧﴾ وَلَئِنْ مُّتُّمْ اَوْ قُتِلْتُمْ
لَاِلَى اللّٰهِ تُحْشَرُوْنَ ﴿١٥٨﴾ فَبِمَا رَحْمَةٍ مِّنَ اللّٰهِ لِنْتَ
لَهُمْ ۚ وَلَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ الْقَلْبِ لَانْفَضُّوْا
مِنْ حَوْلِكَ ۠ فَاعْفُ عَنْهُمْ وَاسْتَغْفِرْ لَهُمْ
وَشَاوِرْهُمْ فِي الْاَمْرِ ۚ فَاِذَا عَزَمْتَ فَتَوَكَّلْ عَلَى
اللّٰهِ ۗ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَوَكِّلِيْنَ ﴿١٥٩﴾ اِنْ يَّنْصُرْكُمُ
اللّٰهُ فَلَا غَالِبَ لَكُمْ ۚ وَاِنْ يَّخْذُلْكُمْ فَمَنْ ذَا الَّذِيْ
يَنْصُرُكُمْ مِّنْ بَعْدِهٖ ۗ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ
الْمُؤْمِنُوْنَ ﴿١٦٠﴾

તરજમહ :

હે ઈમાન લાવનારા લોકો ! તમે પેલા લોકો જેવા ન બનશો, જેમણે કુફ્ર કર્યું અને જેઓ એમના ભાઈઓને જ્યારે તેઓ ધરતી ઉપર સફરે જાય છે અથવા ગાઝી (લડવૈયા) બનીને નીકળે છે ત્યારે કહે છે કે જો તેઓ અમારી પાસે રહયા હોત તો તેઓને મૃત્યુ ન આવત અને કતલ ન થાત. (એમના મોઢે આ વાત) એટલા માટે છે કે હવે અલ્લાહ આ જ વાત તેઓનાં દિલોમાં અફસોસનું કારણ બનાવશે અને અલ્લાહ જ જિવાડે અને મૃત્યુ આપે છે અને તમે જે કંઈ કરો છો તે બધું અલ્લાહ સારી રીતે નિહાળે છે. (૧૫૬) અને જો તમે અલ્લાહની રાહમાં કતલ (શહીદ) થાઓ અથવા મૃત્યુ પામો તો અલ્લાહની મગફિરત અને રહમત તે બધી વસ્તુઓ કરતાં બેહતર છે, જેને આ લોકો ભેગી કરે છે. (૧૫૭) અને જો

તમે મરી જાઓ કે કતલ થાઓ, (દરેક સ્થિતિમાં) અલ્લાહ પાસે જ તમને ભેગા કરવામાં આવશે. (૧૫૮) આ બધા પછી પણ અલ્લાહની રહમતના લીધે જ આપ એમની સાથે નરમ છો, અને જો આપ કડક સ્વભાવના, કઠોર મનના હોત તો તેઓ તમારી આસપાસથી વિખેરાય ગયા હોત. માટે આપ એમને માફ કરી દયો, અને એમના માટે અલ્લાહ પાસે પણ માફી માંગો અને એમના સાથે મશ્વેરો કરતા રહો. (મશ્વેરાના) અંતે જ્યારે (કોઈ કામનો) પાકો ઈરાદો કરી લો તો હવે અલ્લાહ ઉપર જ ભરોસો રાખો. બેશક અલ્લાહ એના ઉપર ભરોસો કરનાર લોકો સાથે મુહબ્બત કરે છે. (૧૫૯) જો અલ્લાહ તમારી મદદ કરે તો કોઈ પણ તમારા ઉપર હાવી ન થઈ શકે. અને જો અલ્લાહ તઆલા તમારો સાથ છોડી દે તો પછી એવો કોણ છે જે તમારી મદદ કરે ? અને મોમિનોએ તો અલ્લાહ તઆલા ઉપર જ યકીન રાખવું જોઈએ. (૧૬૦)

તફસીર : અગાઉની આયતોમાં ઉહદમાં થયેલ શહાદતો અને નુકસાન વિશે મુનાફિક ટોળાનું આ કથન આવ્યું હતું કે અમને કોઈ અધિકાર ન હતો, અમારી વાત કાને ન ધરી, નહીંતર આમ બધા માર્યા ન જાત. અને પછી એનો જવાબ પણ અલ્લાહ તઆલાએ આપ્યો છે કે તમે બધા ઘરમાં બેસી રહયા હોત તો પણ મૃત્યુસ્થાને એમણે પહોંચવું જ પડત..

હવે આ અલ્લાહ તઆલા મુસલમાનોને તાકીદ ફરમાવે છે કે તમે પેલા કાફિરો એટલે કે મુનાફિકો જેવા ન બનશો, આ લોકો અંદરથી કાફિર હોય છે, ભલે મોંઢેથી ઈમાનની વાત કરતા હોય. જાહેરી હમદર્દી બતાવવા ખાતર તેઓ એમના મુસલમાન બંધુઓ બાબત કહેતા કે, ફલાણો વ્યકિત જો દીની સફરે ન ગયો હોત, લડાઈ કે જિહાદમાં ન ગયો હોત, અને આપણી પાસે જ રહયો હોત તો માર્યો ન જાત, એટલે કે એણે આમ સફર કરીને પોતાની જીંદગી ખતરામાં નાખી, એના કરતાં ઘરે બેસી રહવામાં સલામતી હતી. આનો અસલ જવાબ તો અગાઉની આયતોમાં આવી ગયો કે અલ્લાહ તઆલા તરફથી મૃત્યુ નક્કી થઈ જાય તો પછી દરેક એના સમયે મૃત્યુસ્થાને પહોંચેની જ રહેશે, પછી એનો સબબ ગમે તે બને.

અહિંયા એમના આ કથનનું નુકસાન અલ્લાહ તઆલાએ વર્ણવ્યું છે કે, આવા વાકયો મોઢેથી બોલવાનો કોઈ ફાયદો તો છે નહીં, ઉલટું નુકસાન એ છે કે માણસના દિલમાં અફસોસ અને સદમો વધી જાય છે, અને તે એવી રીતે કે આવા વાકયોથી પુરવાર થાય છે કે આવું બોલનારને અલ્લાહ તઆલાની તકદીર અને જીવન – મૃત્યુ વિશે અલ્લાહના ફેસલાઓ ઉપર ઈમાન નથી, એના મતે તો ઘરમાં કે વતને રહેવાથી બચી શકાય એમ હતું, પણ ફલાણો ભાઈ કે સગો સફરે કે જિહાદે ગયો અને માર્યો ગયો. આવા વિચારો અને વાકયો અફસોસ, સદમા અને હસરતને વધારતા રહે છે અને ગમગીન રાખે છે, એના કરતાં અલ્લાહ તઆલાની તકદીર ઉપર ઈમાન હોય કે અલ્લાહ તઆલા જ જિંદગી અને મોતનો માલિક છે, એના ફેસલા મુજબ જ બધું થાય છે, તો માણસને જિંદગીમાં ગમે તેવું નુકસાન પહોંચે, ચાહે કોઈ નિકટના સંબંધીનું મૃત્યુ કેમ ન હોય, માણસ અલ્લાહના ફેસલા ઉપર રાજી રહીને આગળનું જીવન જીવવા ઉપર ધ્યાન આપે છે.

આયતના અંતે મુસલમાનોને ફરી ખબરદાર કરવામાં આવ્યા કે, કયાં એમના જેવા કામો કે કથનો કરશો કે કહેશો નહીં, અલ્લાહ તઆલાને તમારા બધા કામો – કથનોની ખબર રહે છે, એ યાદ રાખશો.

પછીની બે આયતોમાં બે ફાયદાઓ બતાવ્યા છે, જે એક રીતે મુનાફિકોની વાતનો જવાબ પણ છે. આયત નં ૧૫૭માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે મૃત્યુ તો નક્કી છે, એના સમયે આવવાનું જ છે. સફર કે જિહાદમાં ન જાય તો પણ આવશે. ઘરે રહે તો થોડો વેપાર કે ખેતી કરીને માલ ભેગો કરત. આમ દુનિયાનો થોડો માલ ભેગો કરવા કરતાં માણસ દીની સફરમાં મરે કે જિહાદમાં માર્યો જાય તો એ વધારે સારું છે, એમાં અલ્લાહ તઆલાની મગફિરત અને રહમતનો હકદાર બને છે.

પછી આયત નં ૧૫૮માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે તમે ઘરે રહીને મરો કે અલ્લાહની રાહમાં માર્યા જાઓ, આખરે બધાએ અલ્લાહ તઆલા પાસે બધાએ ભેગા થવાનું છે, આમ આ વિચાર સામે રાખશો તો માણસને સમજ પડશે કે ઘરે રહીને મરવા કરતાં કોઈ દીની કામ, મહેનત,

જિહાદ કરતાં મરીને અલ્લાહ તઆલા પાસે પહોંચવું વધારે સારું છે.

આગળ આયત નં ૧૫૯ માં ઉહદની લડાઈ બાબતે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અલ્લાહ તઆલા તરફથી વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું છે, જેમ કે અગાઉ આવી ગયું, ઉહદની લડાઈમાં મુસલમાનોની અુમક ભૂલોના કારણે મોટું નુકસાન થયું, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતે ઝખ્મી થયા. આ કારણે મુસલમાનો વિશે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના દિલમાં કોઈ નારાજગી કે અણગમો આવી જાય તો એક નબી મારફતે એમના અનુયાયીઓને આપવામાં આવતી કેળવણી અને તાલીમમાં મોટું નુકસાન થાય એ સ્પષ્ટ છે. એટલે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અલ્લાહ તઆલાએ તાલીમ આપી આવી કે તમારે નરમી – માફીનો વર્તાવ કરવાનો છે. એમની ભૂલો માફ કરી દો, વગેરે.

આ તાલીમ આપવામાં પણ અલ્લાહ તઆલાએ અજીબ અંદાઝ અપનાવ્યો છે, આપને સંબોધીને કહેવામાં આવ્યું કે તમે તો અલ્લાહની રહમતના સબબ એમના માટે નરમ દિલ છો, અને જો તમે કડક સ્વભાવ કે કઠોર દિલના હોત તો આ બધા લોકો પતંગિયાની જેમ તમારા ઉપર મરવા તૈયાર ન હોત, બલકે લોકો તમારાથી દૂર ભાગત. હવે જયારે અલ્લાહના કરવાથી તમે નરમદિલ છો જ તો પછી એમને માફ કરી દયો, એમના માટે અલ્લાહ તઆલા પાસે તમે પોતે પણ માફી તલબ કરો. એટલે કે તમે પોતે માફ કરો અલ્લાહ તઆલા પાસે તમારું સ્થાન મોટું છે એટલે તમે એમના માટે માફી માંગો. અને પહેલાંની જેમ હવે પછી પણ જરૂરી વાતોમાં એમની સાથે સલાહ – મશ્વેરો કરતા રહો.

આ બધાથી સમજમાં આવે છે કે જે માણસ લોકો વચ્ચે રહીને લોકોમાં દીનની તબ્લીગ, દીની રાહબરી, સુધારણા અને કેળવણીનું કામ કરતો હોય, એણે નરમી, માફી, દરગુઝર, લોકો અને અનુયાયીઓ પ્રતિ પોતીકાણું, એમના પ્રત્યે વિશ્વાસ રાખવો અને જરૂરી વાતોમાં સલાહ મસલત કરવી, વગેરે.. જેવા ગુણો અપનાવવા જરૂરી છે. સખત વલણ,

કડકાઈ, અવિશ્વાસ, સજા અને બદલાનો માહોલ કે ભાવના, જેવા ગુણો આવા કામોમાં ચાલી શકે નહીં. કુરઆનના આ શબ્દો તો કહે છે કે નબી પણ કડક સ્વભાવ અને કઠોર દિલના હોત તો લોકો નબીની કડકાઈ અને કઠોરતા પણ સહન કરત નહીં અને વિખેરાય જાત, તો પછી કોઈ બીજાની કડકાઈ અને કઠોરતાને સહન કરવું માનવ સ્વભાવમાં નથી, એ સ્પષ્ટ છે.

ઈમામ રાઝી રહ. ફરમાવે છે કે જિહાદમાં પીઠ બતાવવાથી વધીને મોટો ગુનાહે કબીરહ બીજો શું હોય ? છતાં કુરઆનમાં આવા લોકો માટે માફીની વાત કરવા ઉપરાંત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એમની માફીની તાકીદ કરવામાં આવી, એનાથી સ્પષ્ટ થાય છે કે સહાબા રદિ.ના ગુનાહે કબીરહ પણ અલ્લાહે માફ કરી દીધા છે.

આયતના અંતે ફરમાવવામાં આવ્યું કે, તમારા સાથીઓ– સહાબીઓથી મશ્વેરો કરતા રહો, અને મશ્વેરાના અંતે કોઈ નિર્ણય કરી લેવામાં આવે તો હવે અલ્લાહ ઉપર ભરોસો કરીને એના અમલીકરણમાં લાગી જાઓ. અસમંજસ કે અવઢવમાં રહેવામાં ન આવે. એટલે કે અસલ તો અલ્લાહની ઝાત ઉપર ભરોસો કરવાનો છે, મશ્વેરા ઉપર નહીં. મશ્વેરો તો કામના સંજોગો – શકયતાઓ માટે હોય છે. પછી કામ તો અલ્લાહના ભરોસો જ કરવાનું છે. અલ્લાહ તઆલા પણ એના ઉપર ભરોસો કરનારને પસંદ કરે છે, પોતાની શકિત કે મંતવ્ય પ્રમાણે અમલ કરવાનો આગ્રહ રાખનારને પસંદ નથી કરતા.

અલ્લાહ તઆલા ઉપર ભરોસો કરવો એટલા માટે પણ જરૂરી છે કે અલ્લાહ તઆલા જ હાર જીતનો ફેસલો કરે છે, એ કોઈને જીતાડવા ચાહે તો કોઈ હરાવી નથી શકતું, જેમ કે બદરમાં થયું. અને એ સાથ છોડી દે તો કોઈ આપણી મદદ નથી કરી શકતું જેમ કે ઉહદમાં થયું. બદરમાં અલ્લાહ તઆલા ઉપર જ ભરોસો હતો અને ઉદહમાં અમુક લોકો રસૂલે ખુદાની નસીહત છોડીને પોતાની સમજ મુજબ અમલ કરવામાં ઉતાવળા થઈ પડયા, માટે મુળ વાત પોતાની સમજને આગળ વધારવા કરતાં અલ્લાહ ઉપર ભરોસો કરવો વધારે મહત્વનું છે. આ જ મોમિનની સિફત છે. ●

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ** : મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.

(બ્લેકબર્ન. યુ.કે.)

૧૪૩

## જનાઝાની નમાઝ અને તેને લગતી બાબતો

મુહદ્દિસોનો આમ રિવાજ છે કે તેઓ કિતાબુસ્સલાતના અંતમાં "કિતાબુલ્જનાઈઝ"ના શિર્ષક હેઠળ, મૃત્યુ, મૃત્યુની બીમારી, બલ્કે માત્ર બીમારી, અને બીજી મુસીબતો અને બલાઓ તેમ તે બનાવો વખતનો રિવાજ, તેમ મય્યતને નવડાવવું, કફન દફન, જનાઝાની નમાઝ, દફન, તાઝિય્યત, એટલે સુધી કે કબરોની ઝિયારત આવા બધા જ કામો વિષે હદીષો ટાંકે છે. અને એ જ રિવાજના તાબે થઈ અહીંયા પણ તે કામો સંબંધી રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના સુચનો અને મામૂલાત એ જ પ્રમાણે વર્ણન કરવામાં આવશે.

એ હદીષોથી જે કંઈ જાણવા મળશે, તેનો ખુલાસો અને નીચોડ એ છે કે મોત ચોક્કસ આવનાર છે. અને તેનો કોઈ સમય નક્કી નથી જેથી મુસલમાને કયારેય તેનાથી બે ફિકર ન રહેવું જોઈએ. કાયમ તેને યાદ રાખે, અને આખિરતના સફરની તૈયારી કરતો રહે, ખાસ કરી જયારે બીમાર હોય, તો પોતાની દીની અને ઈમાની હાલત ઠીક કરવા અને અલ્લાહ તઆલા સાથે સંબંધ બરાબર કરવાની વધુ ફિકર કરે, બીજા ભાઈઓ તેની સેવા અને લાગણી તથા તેનું દુઃખ ઓછુ કરવા તેમ તેનું દિલ ખુશ કરવાના પ્રયત્યનો કરે, અલ્લાહનું નામ અને તેનું કલામ પઢી તેના પર દમ કરે, અને તંદુરસ્તી માટે દુઆ કરે, તેની સામે સવાબની વાતો અને અલ્લાહની શાને રહમતનો મજેદાર ઉલ્લેખ કરે, ખાસ કરી જયારે એવું લાગે કે બીમાર હવે સારો થાય એમ નથી. અને આખિરતની સફર નજીક છે. તો તેના દિલને અલ્લાહ તરફ કેન્દ્રીત કરવા અને ઈમાનના કલ્માની યાદ આપવી યોગ્ય રીતે પ્રયત્ન કરવો જોઈએ. અને જયારે મૃત્યુ આવી જાય તો

તેના સગાઓ ધીરજ રાખે, માનસિક અને પ્રાકૃતિક ગમ અને રંજ હોવા છતાં મોતને અલ્લાહનો ફૈંસલો સમજી વફાદાર બંદા માફક તેની સામે માથું જુકાવી દે, અને તેના કરમથી આ સદમા પર સવાબની આશા રાખે, અને તેની દુઆઓ કરે, પછી મય્યતને નવડાવવામાં આવે, તેને સારા સ્વચ્છ કપડાંમાં કફન આપવામાં આવે. અને ખુશ્બુ વાપરવામાં આવે તેની મોટાઈ અને અઝમત માનવામાં આવે, અલ્લાહના નબીઓ અને રસૂલ હઝરત મુહંમદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) માટે રહમતની દુઆ હોય જેમના મારફત આ મય્યત અને નમાઝ પઢનારાઓને રસ્તો મળ્યો, તે બધા પછી મરનાર ભાઈ માટે અલ્લાહથી બખ્શિશ અને રહમ કરમની દુઆ અને આજીઝી હોય, પછી સમગ્ર એઅજાઝ અને એહતેરામ સાથે તેને જમીનમાં દફન કરવામાં આવે, અને તેના ખોળામાં સોંપી દેવામાં આવે, જેના ભાગોથી તેનુ શરીર બન્યું અને પરવાન ચઢયું હતું, જે એક રીતે એની માં (જનેતા) હતી પછી લોકો અમલી રીતે અને ઝબાનથી ઘરવાળાઓને આસવાસન આપી લાગણી વ્યકત કરે, અને તેને આસ્વાસન આપી તેનું દુઃખ હળવું કરવામાં પ્રયત્નો કરે.

તેમાંથી દરેક વાતની હિકમત અને મસ્લેહત બિલ્કુલ સાફ છે. અને એ હકીકત અને અનુભવ પણ છે કે બીમારી અને મૃત્યુ તેમ બીજી આફતોમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના સુચનો પર ચાલવાથી હૃદય અને આત્માંને શાંતવત મળે છે. એ બાબતની આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ આપેલી તાલીમ અને દોરવણી હૃદયના ઘા માટે મલમ અને દુઃખની દવા બની જાય છે. અને મૃત્યુ અલ્લાહની મુલાકાતનું સાધન હોવાથી પ્યારૂ થઈ જાય છે.

આ તે સુચનાઓનો દુન્યવી અને રોકડો ફાયદો છે. અને આખિરતમાં ઈન્શા અલ્લાહ તે સઘળુ સામે આવશે, જેનો વાયદો આવનાર હદીષોમાં કરવામાં આવ્યો છે. આ પ્રસ્તાવના પછી એ બાબતની હદીષો વાંચો :–

***મોતની યાદ અને એનો શોખ***

(٢٨٧) عَنْ اَبِى هُرَيْرَةَؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَكْثِرُوْا ذِكْرَهَازِمِ اللَّذَّاتِ الْمَوْتِ۔ (رواه الترمذى والنسائى وابن ماجة)

તરજુમોઃ– હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ લોકો! મોતને યાદ કરો, અને યાદ

રાખો જે દુનિયાની મજાઓને છીન્ન ભીન્ન કરનાર છે. (તિર્મિઝી, નસાઈ, ઈબ્ને માજા)

(۲۸۸) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ قَالَ اَخَذَ رَسُوْلُ اللّٰهِ ﷺ بِمَنْكَبِيَّ فَقَالَ كُنْ فِي الدُّنْيَا كَاَنَّكَ غَرِيْبٌ اَوْعَابِرُسَبِيْلٍ، وَكَانَ اِبْنُ عُمَرَ يَقُوْلُ اِذَا اَمْسَيْتَ فَلَا تَنْتَظِرِ الصَّبَاحَ وَاِذَا اَصْبَحْتَ فَلَا تَنْتَظِرِ الْمَسَاءَ وَخُذْ مِنْ صِحَّتِكَ لِمَرَضِكَ وَمِنْ حَيٰوتِكَ لِمَوْتِكَ۔ (رواه البخارى)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ એકવાર મારો ખભ્ભો પકડી ફરમાવ્યુંઃ દુનિયામાં એવી રીતે રહો જેવા કે તમે પરદેશી અને રસ્તે ચાલતા મુસાફર હોય, અને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની દોરવણી તેમ શિક્ષણનો અસર હતો કે પોતાની જાતને અથવા બીજાઓને સંબોધી ઈબ્ને ઉમર (રદિ.) નસીહત ફરમાવતા હતા કે જયારે સાંજ પડે તો સવારની રાહ ન જુઓ, (ખબર નહીં સવાર સુધી તું રહીશ કે કેમ?) અને જયારે સવાર થાય તો સાંજની રાહ ન જુઓ. (ખબર નથી સાંજ સુધી તું જીવતો રહીશ કે નહી?) અને તંદુરસ્તીની હાલતમાં બીમારી માટે અને જીવનમાં મૃત્યુ માટે કંઈક કમાય લો. (બુખારી શરીફ)

(۲۸۹) عَنْ عُبَادَةَ بْنِ الصَّامِتِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ اَحَبَّ لِقَاءَ اللّٰهِ اَحَبَّ اللّٰهُ لِقَاءَهٗ وَمَنْ كَرِهَ لِقَاءَ اللّٰهِ كَرِهَ اللّٰهُ لِقَاءَهٗ۔(رواه البخارى ومسلم)

તરજુમોઃ– હઝરત ઉબાદહ બિન સામિત (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ જેને અલ્લાહ સાથે મુલાકાત કરવી તેમ તેની રૂબરૂ હાજર થવું પસંદ હોય અલ્લાહ તઆલાને પણ તેને મળવાનું પસંદ છે. અને જેને અલ્લાહ સાથે મળવું ના પસંદ હશે. અલ્લાહને પણ તેની સાથે મુલાકાત ના પસંદ છે. (બુખારી, મુસ્લિમ)

ખુલાસો :– ઉબાદહ બિન સામિત (રદિ.)ની એ જ રિવાયતમાં આગળ છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ જયારે આ વાત ફરમાવી તો ઉમ્મુલ મુઅમિનીન હઝરત આયશા (રદિ.) અથવા પાક પત્નિઓમાંથી કોઈએ અરજ કરી કે હઝરત ! અમારી હાલત તો એ છે કે "اِنَّا لَنَكْرَهُ الْمَوْتَ" (અમે તો મૃત્યુથી ભયભીત છીએ, અને મૃત્યુ અમને પસંદ નથી.)

આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તેના જવાબમાં જે કંઈ ફરમાવ્યું તેનો નિચોળ એ છે કે મારો મતલબ એ નથી કે માણસને જાતે મૃત્યુ પસંદ હોવું જોઈએ, મૃત્યુ પસંદ ન હોવું એક ફિતરી વાત છે. પણ ભાવાર્થ એ છે કે મૃત્યુ પછી અલ્લાહની ખુશી અને તેનો ફઝલ અને કરમ મો'મિન પર થશે તે મૃત્યુ સમયે તેના ઉપર ખોલી દેવામાં આવે છે. તે માણસને પસંદ અને તેનો શોખ હોવો જોઈએ, અને જેની એવી હાલત હશે, અલ્લાહ તેનાથી મહોબ્બત કરશે તેની સાથે મુલાકાત અલ્લાહને પસંદ છે. તેથી ઉલ્ટુ જે પોતાની બદઅમલી અને બદ બખ્તીના કારણે અલ્લાહના ગઝબ અને અઝાબનો હકદાર થઈ ગયો હશે, મૃત્યુ ટાંણે તેના આ ખરાબ પરિણામ પર તેને સાવચેત કરવામાં આવે છે. જેથી તે અલ્લાહ સમક્ષ જવું પસંદ કરતો નથી. અને તેને પોતાના માટે મહાન મુસીબત સમઝે છે. તો એવા માણસથી અલ્લાહ તઆલા મળવા માંગતો નથી. તેનાથી અણગમો કરે છે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના આ ખુલાસાથી " لِقَاءَ اللّٰه " નો અર્થ મૃત્યુ નથી, પણ મૃત્યુ પછી ખુદા તઆલાનો જે વર્તાવ તેની સાથે થશે, તે અસલ છે. એટલા માટે આ પ્રકારની જેટલી હદીષો જે હઝરત આયશા (રદિ.)થી રિવાયત કરવામાં આવી છે. તેના અંતમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની વિગત છે કે " والموتُ قبلَ لقاءِ اللّٰه " (એટલે કે મૃત્યુ અલ્લાહને મળવા પહેલા છે.)

હઝરત શાહ વલિયુલ્લાહ (રહ.)એ આ હદીષની વિગતમાં લખ્યું છે કે જયારે આ જગતથી બીજા જગત તરફ જવાનો સમય બિલ્કુલ નજીક હોય છે. તો પશુવાદ પણાના અને ભૌતિકવાદના પરદાઓ ફાટવા માંડે છે. અને આત્મા માટે ઉપરની દુનિયા ખુલ્લી થાય છે. તે સમયે આખિરત અને ગેબની દુનિયાની હકીકત નઝર સમક્ષ આવવા લાગે છે. જેની ખબર નબીઓ (અલૈહિસ્સલામ)એ આપી છે. તે વખતે તે મો'મિન બંદાની આત્મા જેણે કાયમ જાનવર પણાની જરૂરતોને દબાવી ફરિશ્તાઓના ગુણો ઉચા કરવાના પ્રયત્નો કર્યા, અલ્લાહની મહેરબાનીઓ અને તેના લુત્ફો કરમના નકશાઓનું નિરક્ષણ કરી તેની આશિક બની જાય છે. અને તેનો શોખ એવો હોય છે કે વહેલામાં વહેલી તકે તે દુનિયામાં અલ્લાહની રહમતની છાંવમાં પહોંચી જાય, તેનાથી ઉલ્ટું જે ન માનનાર અથવા ખુદાને ભુલી નફસનો પુંજારી હમેશા જાનવર પણાની માંગણીઓમાં ડુબેલો અને દુનિયાની મોજ મજામાં રચ્યો પચ્યો રહ્યો, તેની આત્મા મૃત્યુ સમયે જયારે ભવિષ્યના ભયાનક નકશાઓ જુએ છે. તો કોઈ રીતે દુનિયાથી નિકળવા ઈચ્છતી

નથી. શાહ સાહબ (રહ.) ફરમાવે છે કે એ જ બે હાલતોને " احبَّ لقاءَ الله " અને " کرہَ لقاءَ الله " થી યાદ કરવામાં આવે છે. અને આગળ એ બંનેનો અર્થ અલ્લાહની ખુશી અને નાખુશી, ઈનામ અને ગુસ્સો, તેમ સવાબ અને અઝાબનો થાય છે.

(٢٩٠) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرٍوؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ تُحْفَةُ الْمُؤْمِنِ الْمَوْتُ۔ (رواه البیهقی فِی شعب الایمان)

તરજુમો:– હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: મો'મિનની ભેટ મૃત્યુ છે. (બયહકી)

ખુલાસો :– જેમ ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો કે મૃત્યુ કોઈને પણ તબીયતથી સારૂ નથી લાગતું પરંતુ અલ્લાહના જે બંદાઓને ઈમાન અને યકીનની દોલત પ્રાપ્ત છે. તેઓ મૃત્યુ પછી અલ્લાહના ઈનામો અને ખાસ નજીક હોવું તેમ દીદારની મજા ધ્યાનમાં રાખી અકલના હિસાબે મૃત્યુને પસંદ કરે છે. એ જ પ્રમાણે જેમકે આંખમાં નશ્તર મારવો તબીયતથી કોઈને પણ પસંદ હોતો નથી. પરંતુ એ આશાએ કે ઓપરેશનથી આંખમાં પ્રકાશ આવશે, અકલથી પસંદ અને મહેબૂબ હોય છે. અને ડોકટરને ફી આપી આંખમાં નસ્તર લગાવવામાં આવે છે. ફરક માત્ર એટલો જ છે કે ઓપરેશનથી આંખમાં પ્રકાશ આવી જવો અચોક્કસ છે. ઓપરેશન નિષ્ફળ પણ થાય છે. પરંતુ ઈમાન વાળાઓ માટે અલ્લાહના ઈનામો અને તેની નજદીકી તેમ દીદારની લિઝઝત ચોક્કસ છે. એ કારણે મો'મિન માટે મૃત્યુ ઘણી મહામૂલી ભેટ છે. સમઝવા માટે બીજુ ઉદાહરણ એ છે કે દરેક છોકરી માટે શાદી અને માં–બાપના ઘરથી વિદાય થઈ પતિને ત્યાં જવું એ હેસિયતથી ઘણું જ દુઃખ ભર્યુ લાગે છે કે માં–બાપની મહોબ્બત અને ઘરનો માહોલ તેનાથી છુટી જશે, અને ભવિષ્યનું જીવન એક નવા ઘેર અને નવા કુટુંબમાં પસાર થશે, પરંતુ શાદીથી ભવિષ્યમાં જે ખાસ આશાઓ હોય છે.જેના માટે લગ્ન કરવામાં આવે છે તેના કારણે બેશક લગ્નનો શોખ અને તમન્નાઓ પણ હોય છે. બસ એ જ મુજબ અલ્લાહ તઆલા સાથે ખરો ઈમાની સંબંધ ધરાવતા બંદાઓનો મામલો છે. મૃત્યુ પછી અલ્લાહની જે મહેરબાનીઓ અને જે ખાસ નજદીકીની તેને આશા હોય છે. તેનાજ કારણે મૃત્યુનો શોખ અને તમન્ના હોય છે.

---

# સુલતાન મહમૂદ સુબુકતગીન ગઝનવી રહ.

મહમૂદ અને અયાઝના મશ્હૂર કિસ્સા વાળા બાદશાહ સુલતાન મહમૂદ ગઝનવીનું નામ ઘણું જ મશ્હૂર છે. આ રાજા – ચાકરના અનેક બોધદાયક કિસ્સા પણ મશ્હૂર છે. ભારત ઉપર વારંવાર આક્રમણ કરવા બાબતે પણ આ બાદશાહનું નામ ઈતિહાસમાં લખાયેલું છે.

૯૭૧ ઇ. માં પેદા થયા. ૯૭૭ ઈ.માં રાજગાદીએ બેઠા. મૃત્યુ સુધી ગઝની સલતનતના બાદશાહ રહયા.અને ૧૦૩૦ ઈ. માં વફાત થઈ. મહમૂદ છ વરસનો હતો ત્યારે પિતા સુબુગ્તગીન રાજગાદીએ બિરાજમાન થયા. પંદરવરસની ઉમરે લશ્કરમાં શામેલ થયો તો એના ચાતુર્ય અને શોર્યની વાતો પિતાના કાનોમાં પહોંચવા લાગી એટલે ખુરાસાનનો ગર્વનર બનાવવામાં આવ્યો. હોશિયાર હતો. બાપ તરફથી તાલીમ અને કેળવણીની પૂરી તકેદારી લેવામાં આવી હતી. કુરઆનનો હાફેઝ હતો. ફિકહ, હદીસ અને તફસીરની તાલીમ પણ લીધી હતી.

એના સમયકાળમાં ગઝનીને એટલી પ્રગતિ અને ખ્યાતી આપી હતી કે વિશ્વના સૌથી માલદાર અને સમૃદ્ધ શહેરોમાં એની ગણના થતી હતી. દૂર દૂરથી વિદ્વાનો, કળાકારો, અભ્યાસુઓ અને આલિમો ત્યાં આવતા હતા અને મહમૂદ બધાની કદર કરતો હતો. ફારસીના મશ્હૂર કવિ ફિરદોસીનું સન્માન આપીને એમના મશ્હૂર કાવ્ય 'શાહનામએ ઈસ્લામ'ની રચના કરાવી.

સુબુગ્તગીનના શાસનકાળ દરમિયાન ઉત્તર ભારતના રાજા જયપાલ બે વાર ગઝની ઉપર આક્રમણ કરી ચુકયો હતો. ૨૬ વરસની ઉમરે જયારે મહમૂદ ગાદીએ બેસ્યો તો રાજા જયપાલે ત્રીજીવાર ગઝની ઉપર ચઢાઈ કરી, મહમૂદે એને હરાવ્યો અને પછી સામેથી ભારત ઉપર આક્રમણ કરવાનું શરૂ કર્યુ અને રાજા તેમજ એના બધા સહયોગીઓને હરાવવા માટે ભારત ઉપર વારંવાર આક્રમણ કર્યુ. એકવાર છેક ગુજરાતના સોમનાથ મંદિર સુધી આક્રમણ કરતો આવ્યો અને મંદિરને તોડીને પાછો ગયો.

૧૦૩૦ ઈ.માં ૫૯ વરસની ઉમરે એની વફાત થઈ. અને વર્તમાન ગઝની શહેરથી થોડે દૂર એમનો મકબરો છે.

અમુક ઈતિહાસકારોના મતે દુનિયા ઉપર હુકૂમત કરનાર રાજાઓમાં ચંગેઝખાન પછી બીજું નામ મહમૂદ ગઝનવીનું આવે છે. પછી સિકંદર અને એના પછી તૈમુરલંગનું નામ આવે છે.

શેખ સાદી રહ.એ એમના મશહૂર પુસ્તક ગુલિસ્તાંમાં એક કિસ્સો લખ્યો છે : ખુરાસાનના એક રાજાએ મહમૂદ સુબુગ્તગીનને સપનામાં કંઈક અજીબ સ્થિતિમાં જોયો. એનું આખું શરીર માટી બની ગયું છે. હાડપિંજર બાકી છે, પણ આખા શરીરમાં ફકત આંખો સહી સલામત છે, અને આમ તેમ બધું જોઈ રહી છે. રાજાએ એના દરબારીઓને આ ખ્વાબની તાબીર પૂછી તો કોઈ બતાવી શકયું નહીં, પણ એક દરવેશ ત્યાં હાજર હતા, એમણે તાબીર બતાવી કે એ આંખો હવે વાસ્તવિકતા જોઈ રહી છે કે એણે બનાવેલ અને વસાવેલ સલ્તનત અને જીતેલો દેશ અને મુલ્ક બીજાઓના હાથમાં છે અને પોતે કંઈ કરી શકે એમ નથી.

કબરમાં મહમૂદ ગઝનવીની સ્થિતિ વિશે આ તો એક બાદશાહનું ખ્વાબ હતું, પણ સુલતાન મહમૂદ રહ.ની સાચી સ્થિતિ કબરમાં શું હશે એનો અંદાઝો એક બીજી ઘટનાથી કરી શકાય છે.

ગઝની હાલ વર્તમાન અફગાનિસ્તાનમાં આવેલું છે. ૧૯૭૪માં ગઝનીમાં ધરતીકંપ થયો તો બાદશાહ મહમૂદ ગઝનવી રહ.ના મઝારને પણ એમાં ઘણું નુકસાન થયું. અફગાનિસ્તાન ઉપર એ વેળા રાજા ઝાહિરશાહનું રાજ હતું. એમણે મઝારની મરમ્મત અને નવીનીકરણનો આદેશ કર્યો. આ દરમિયાન હઝ. મહમૂદ રહ.ની કબર ખોદવામાં આવી તો લોકો આ જોઈને હેરાન થઈ ગયા કે એમની મય્યિતનો તાબૂદ એકદમ સહી સલામત હતો. કોઈ ઉધઈ કે સડો એમાં લાગ્યો ન હતો અને તાબૂત ખોલીને લોકોએ જોયું તો એમની મય્યિત સલામત હતી. એક હાથ છાતી ઉપર અને બીજો સીધો હતો. શરીર એવું જ તાજું જાણે હમણા જ વફાત થઈ હોય.

● ● ● ●

# માલનો ફિત્નો

હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ 'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ • *મુફતી ફરીદ અહમદ કાવી*

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : જયારે સુરજ નીકળે છે તો ફરિશ્તાઓ એની પાસે ઉભા રહીને પોકારે છે કે લોકો ! તમારા પરવરદિગાર તરફ ધ્યાન આપો. માણસને ખેલ તમાશામાં ગાફેલ કરી દે એટલા વધારે માલ કરતાં જરૂરત મુજબનો થોડો માલ બેહતર છે. અને પછી સાંજે સૂરજ આથમે ત્યારે એની પાસે ઉભા રહીને બે ફરિશ્તાઓ દુઆ કરે છે કે હે અલ્લાહ ! ભલાઈમાં ખર્ચ કરનારના માલમાં બરકત આપો અને માલ ભેગો કરનારના માલને બરબાદ કરી દયો. (તરગીબ)

હવે વિચારો કે જે લોકો કંજૂસાઈના કારણે મુસીબતો અને પરેશાનીઓ વેઠીને માલ ભેગો કરી રાખે છે, (એટલે કે અલ્લાહના રસ્તામાં માલ ખર્ચ નથી કરતા) તેઓ એક રીતે આ માલ બરબાદ કરવા માટે પોતાના માટે મુસીબતો અને પરેશાનીઓ જ ભેગી કરી રહયા છે. ફરિશ્તાની દુઆ મુજબ માલ બરબાદ થવા માટે કોઈ બીમારીમાં સપડાય છે અને ડોકટર કે હકીમોની દવા – સારવારમાં સેંકડો રૂપિયાનું પાણી થઈ જાય છે. અને જો ખોટા કેસમાં ફસાય જવાય તો ભેગો કરેલો બધો જ માલ પતી જવાની નોબત આવે છે. અને કોઈ માણસ એની નેકીના કારણે આ બધાથી મહફૂઝ રહયો તો એની અવલાદ એવી આવારા અને ઉડાઉ હોય છે કે તે બાપની વરસોની કમાણી મહીનાઓની અય્યાશીમાં ઉડાવી દે છે. અનેક સાચા કિસ્સાઓ રોજ સામે આવે છે કે વડીલોની મહેનત કરીને, ખૂન – પસીનો એક કરીને ઘણો બધો માલ ભેગો કર્યો અને એમના મરતાં જ કપૂત વારસદારો વરસોની કમાણી મહીનાઓમાં, બલકે અઠવાડિયાઓમાં જ ઉડાવી દે છે. એટલે જ અનેક હદીસોમાં આવ્યું છે કે, માણસ જીવનભર મારો માલ, મારો માલ કરતો રહે છે, હાલાં કે એનો માલ ફકત એટલો જ છે જે એણે ખાધું – પીધું અને પહેર્યું અથવા અલ્લાહના રસ્તામાં ખર્ચ કરીને આખિરત માટે ભેગો કર્યો. એ સિવાય જે માલ હશે એ

બીજાનો માલ છે. (તરગીબ)

હઝરત અલી રદિ.નો ઈરશાદ છે : તું જે માલ તારી રોઝીથી વધારે ભેગો કરીશ એ બીજાનો માલ છે અને તું એનો ખજાનચી છે.

સેંકડો રિવાયતો હદીસની કિતાબોમાં આ વિષયની આવી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે પોતાની જરૂરતથી વધારે જે કંઈ છે એ બધું બીજાઓ ઉપર ખર્ચ કરવા માટે છે, ભેગું કરવા માટે નથી. અલ્લાહ તઆલા કુરઆનમાં ફરમાવે છે : يسئلونك ماذا ينفقون ؟ قل العفو (સૂ. બકરહ) તરજમહ : લોકો તમને પૂછે છે કે શું ખર્ચ કરીએ ? તમે કહી દો કે જે કંઈ વધારે હોય એ બધું. (અથવા જેટલું ખર્ચ કરવું સરળ હોય) હઝરત ઈબ્ને અબ્બાસ રદિ. ફરમાવે છે કે બાળ – બચ્ચાના ખર્ચથી જે કંઈ વધે એ બધું જ 'અફવ' છે એટલે કે ખર્ચ કરવાનો માલ છે.

અહિંયા એક બીજી બાબત પણ વિચારી લઈએ કે, આજકાલ જેને ખૂબ મહત્વ આપવામાં આવે છે એ ગરીબોની સહાય અને ગરીબી ખતમ કરવા માટેના પ્રયત્નો વિશે ઈસ્લામથી બેહતર તાલીમ કયાં હોય શકે છે ? એક માણસને મજબૂર કરવો કે એને એની જરૂરતથી વધારે કંઈ જ ન મળે, અને એક માણસને એની મરજીથી તૈયાર કરવો કે તે પોતાની જરૂરતથી વધારે કંઈ ન રાખે, અને ખુશીથી વધારાનો માલ ગરીબો ઉપર ખર્ચ કરી દે.. આ બંની વિચારધારાઓમાં કેટલો બધો ફરક છે. પહેલી રીત ખુલ્લો ઝુલમ છે. અને બીજી રીત બધી જ રીતે ભલાઈ અને નેકીની છે. પ્રથમ તરીકામાં લોકોની હિમ્મતને તોડી નાખવામાં આવે છે, કામ કરવા સશકત લોકોને પણ બેકાર બનાવી દેવામાં આવે છે, અને બીજા તરીકામાં લોકોની હિમ્મતને વધારવામાં આવે છે, અને દરેક માણસને એની શકિત મુજબ કે એનાથી પણ વધારે કમાણી કરવાની પ્રેરણા આપીને રાજી – ખુશીથી ખર્ચ કરવા બાબતે તૈયાર કરવામાં આવે છે. ઉપરાંત ઈસ્લામી તરીકામાં ખર્ચ કરવા બાબતે જરૂરતથી વધારે માલ હોવો પણ જરૂરી નથી, બલકે પોતાની જરૂરતને કુરબાન કરીને પણ બીજાઓ ઉપર ખર્ચ કરવો ઈસ્લામી તાલીમ છે. કુરઆને કરીમમાં અન્સારી લોકોની તારીફમાં કહેવામાં આવ્યું છે કે,

يؤثرون على أنفسهم و لو كان بهم خصاصة

તરજમહ : આ અન્સારી લોકો મુહાજિર લોકોને પોતાના ઉપર પ્રાધાન્ય

આપે છે, (આગળ રાખે છે.) ચાહે એમને ઉપર ફાકા હોય.

ઈસ્લામી તાલીમના આ આદર્શો ફકત કહેવા પુરતા નથી, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એ બધા ઉપર પૂર્ણ રીતે અમલ કરીને પણ બતાવ્યો છે. અને બીજાઓ પાસે પણ એના ઉપર અમલ કરાવ્યો છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પૂરી જિંદગી અને સહાબએ કિરામના અહેવાલ એના સ્પષ્ટ પુરાવાઓ અને ઉદાહરણો છે. હદીસની કિતાબોમાં કિતાબુઝઝુહદ અને કિતાબુર્રિકાકના નામે અલગથી પ્રકરણો આવે છે. અનુક નમૂનારૂપ કિસ્સાઓ હિકાયાતે સહાબામાં લખી ચુકયો છું. આ લખાણનો મુળ વિષય એ નથી અને એની જગ્યા પણ નથી.

અહિંયા ફકત આટલું દર્શાવવું છે કે જે પ્રકારની પરેશાનીઓમાં આપણે સપડાયેલા છીએ એ આપણી પોતાની ભેગી કરેલી છે. અને એક સાચા – પાકા તબીબે એના અસબાબ – ઈલાજ પણ બતાવી દીધો છે, જેના નિદાન અને સારવારમાં કદી કોઈ ચુક નથી હોય શકતી. હવે આ બીમારીના અસબાબથી બચવું અને સારવાર તબીબનું કામ નથી. દરેકે પોતે કરવાનું કામ છે, કોઈ એના તરફ ધ્યાન ન આપે તો પોતાનું નુકસાન કરે છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : હું તમારી પાસે એવી શરીઅત લઈને આવ્યો છું જે ઉજળી અને સ્પષ્ટ છે.

બીજી એક હદીસમાં છે : અલ્લાહની કસમ ! મેં તમને એવા રસ્તા ઉપર ચાલતા કરી દીધા છે જે સંપૂર્ણ રોશન છે. જેના રાત દિવસ સમાન છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અમુક વરસોની ટુંકી જિંદગીમાં કોઈ મહત્વની બાબત એવી નથી રહેવા દીધી જેના વિશે માર્ગદર્શન ન આપ્યું હોય.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : નેક આમાલ કરવામાં ઉતાવળ કરો, અને અંધારી રાતના ટુકડાઓ જેવા ફિત્નાઓ આવે એ પહેલાં નેક આમાલ કરી લ્યો. (ત્યારે પછી હક – બાતિલ વચ્ચે ફરક મુશ્કેલ થઈ જશે.) સવારે માણસ મોમિન હશે અને સાંજે કાફિર, સાંજે મોમિન હશે અને સવારે કાફિર. પોતાના દીનને થોડીક દુનિયા ખાતર વેચી દેશે.

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : મરતાં પહેલાં અલ્લાહ તરફ ધ્યાન આપો અને તોબા કરી લ્યો. કામોમાં મશ્ગૂલ થઈ જાઓ

એ પહેલાં નેક આમાલ કરી લ્યો. અને અલ્લાહ તઆલાને વધુથી વધુ યાદ કરને, છુપા કે ખુલ્લા સદકા કરીને અલ્લાહ સાથે સંબંધ જોડી લ્યો. એનાથી તમને રોઝી પણ મળશે અને તમારી મદદ કરવામાં આવશે. અને તમારા નુકસાનની ભરપાઈ પણ કરી દેવામાં આવશે. (તરગીબ)

એક હદીસમાં છે કે સદકો કરવાથી માલ ઓછો નથી થતો. અને જે કોઈ માણસ ઝાલિમને માફ કરી દે તો અલ્લાહ તઆલા એની ઈઝઝત વધારે છે. એટલે ઝુલમને માફ કરતા રહો. અલ્લાહ તઆલા તમને ઈઝઝત આપશે અને જે કોઈ સવાલ – ભીખ માંગવાનો દરવાજો ખોલે છે એના ઉપર મુફલિસીનો દરવાજો ખુલી જાય છે. (મુઅજમે સગીર)

એક હદીસમાં આવ્યું છે કે જયારે મારી ઉમ્મત પોતાના ઉલમાથી અદાવત રાખશે અને બજારોની રોનક વધારવા માંડે અને પૈસાના આધારે નિકાહ કરવા માંડે એટલે કે દીનદારી અને તકવાના બદલે માલદાર હોવાને આધાર બનાવવામાં આવે તો અલ્લાહ તઆલા ચાર મુસીબતો એમના ઉપર નાંખી દેશે. દુકાળનો ઝમાનો, બાદશાહનો ઝુલમ, હાકેમો – અફસરોની ખિયાનત અને દુશ્મનનો હુમલો. (હાકેમ)

હઝરત અલી રદિ. ફરમાવે છે કે ગુનાહનો બદલો ઈબાદતમાં સુસ્તી આવવી, રોઝીમાં તંગી અને શાંતિ ખતમ થઈ જવું છે. (તારીખુલ ખુલફા)

હઝરત અનસ રદિ. ફરમાવે છે કે મેં દસ વરસ સુધી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવા કરી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ કદી મોઢું બગાડીને મારા સાથે વાત નથી કરી. મને ફરમાવ્યું : વુઝૂ સારી રીતે કરતા રહો. એનાથી ઉમરમાં વધારો થાય છે અને તારી હિફાઝત કરનારા ફરિશ્તા તારાથી મુહબ્બત કરશે. અને કંઈક નમાઝ ઘરમાં પણ પઢતા રહો, એનાથી ઘરની ભલાઈમાં વધારો થશે. અને જયારે ઘરમાં જાઓ તો ઘરના લોકોને સલામ કરતા રહો, એના લઈ તારા ઉપર અને ઘરવાળાઓ ઉપર પણ બરકત થશે. (તબરાની સગીર)

નમાઝની પાબંદી બાબતે જે દીની દુન્યવી બરકતો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે દર્શાવી છે એની વિગત જોવી હોય તો મારી કિતાબ ફઝાઈલે નમાઝ જુઓ. અહિંયા એ માટે જગ્યા ન હોવાથી એનું વર્ણન નથી કરતો.

● ● ● ● ● ●

# કોરોના વાયરસ
# દીની અસબાબ અને દીની ઇલાજ

– હઝરત અકદસ મવ. મુફતી અહમદ ખાનપૂરી સા. દા.બ.

કોરોના વાયરસ અલ્લાહ તઆલા કી તરફ સે એક આઝમાઈશ ઓર તંબીહ હે, તાકે લોગ અપની નાફરમાની ઓર ગુનાહોં સે બાઝ આ કર અલ્લાહ તઆલા કે સામને રુજૂઅ ઓર તોબા કરેં. ખાસ કર અહલે ઈમાન કો તો ચાહિયે કે ઈસ બલા સે ઈબ્રત હાસિલ કરેં. ઈસ કે બજાએ આમ તોર પર લોગ ઈસ સિલસિલે મેં ફુઝૂલ બહષ ઓર ચર્ચા મેં પડે રેહતે હેં. બાઝ હઝરાત યહૂદ યા અમેરિકા કા સે ઈત્ને ઝયાદા મરઉબ (ડરે હુએ) ઓર મુતઅસ્સિર (પ્રભાવિત) હેં કે ઈસ કોરાના વાયરસ મેં ભી ઉન કો ઉન કી હી સાઝિશ નઝર આતી હે ઓર મુખ્તલિફ કયાસ આરાઈયાં (અલગ અલગ દલીલેં જોડ) કર લોગોં કે ઝહનોં કો ઉલ્ઝાએ રખતે હેં, હાલાંકે યે મોકા અલ્લાહ તઆલા કી તરફ રુજૂઅ ઓર ઈનાબત કા હે. યહી ઈસ કી સહી તદબીર હે.

હમ યે ભી દેખ રહે હેં કે ખુદ યહૂદ ઓર અમેરિકા ભી ઈસ વબા કા શિકાર હેં, બલકે દૂસરોં કે મુકાબલે મેં ઝયાદા નુકસાન ઉઠા રહે હેં. ફિર ભી યે હકીકત ડરે હુએ લોગોં કી સમજ મેં નહીં આતી ઓર વો ઈસ વબા કો ભી ઉન કી હી સાજિશ ષાબિત કરને કી કોશિશ મેં લગે હુએ હેં. યે ચીઝ ઓર ઝયાદા અલ્લાહ તઆલા કે ગઝબ કો દઅવત દે રહી હે. ઈન કા યે તરીકા તો હઝ. મૂસા અલૈ. કી કોમ જૈસા હી હે. જબ દરયાએ નીલ (નાઈલ નદી) પાર કરને કે બાદ હઝરત મૂસા અલૈ.ને બનૂ ઈસરાઈલ કો ફિરઓન કે હલાક હોને કી ખબર દી તો વો લોગ ફિરઓન સે ઐસે ડરે હુએ થે કે યે બાત માનને કે લિયે તૈયાર ન થે ઓર કેહને લગે કે ફિરઓન હલાક નહીં હુવા. અલ્લાહ તઆલાને ઉન કો સમજાને કે લિયે ઓર દુસરોં કી ઈબ્રત કે લિયે દરયા કી એક મોજ કે ઝરીયે ફિરઓન કી મુરદા લાશ કો દરિયા કે કિનારે ડાલ દીયા. જિસ કો સબ ને દેખા તો ઉસ કે હલાક હોને કા યકીન આયા ઓર ઉસ કી યે લાશ સબ કે લિયે નમૂનએ ઈબ્રત બન ગઈ. કોરોના વાયરસ કે સિલસિલે મેં લોગોં કી કયાસ આરાઈયાં (દલીલેં ઓર લોજિક) કી મિસાલ ભી ઐસી હી હે.

ઈસ મોકે પર જરૂરત હે કે ઈસ તરહ કી કયાસ આરાઈયોં કો છોડ કર અપને ગુનાહોં ઓર નાફરમાનીયોં સે સચ્ચી પક્કી તોબા કરતે હુએ અલ્લાહ તબારક વ

તઆલા કી તરફ રુજૂઅ ઓર તોબા કી જાએ. ઈસ લિયે અહલે ઈમાન કો ચાહિયે કે મુલ્હિદોં વ મુન્કિરોં કી ઐસી સબ બાતોં કો છોડ કર ઉન તદબીરોં કો ઈખ્તીયાર કરેં જો અહલે ઈલ્મ ને કુરઆન વ હદીસ કી રોશની મેં બતલાયી હૈં ઓર વો યે હૈં :

(૧) ઈસ્તિગ્ફાર ઝયાદહ કરેં. ચું કે મસાઈબ કા સબ સે બડા સબબ અલ્લાહ તઆલા કી પકડ ઓર ઉસ કા અઝાબ હે. ઓર મસાઈબ સે બચને કા કુરઆની ઈલાજ યે હે કે, અપને ગુનાહોં પર ઈસ્તિગ્ફાર કિયા જાએ. અલ્લાહ તઆલા દો સૂરતોં મેં અપને બંદો કો અઝાબ નહીં દેતા. પહેલી સૂરત યે કે ઉસ કા નબી ઉમ્મત મેં મોજૂદ હો. ઓર દૂસરી સૂરત યે કે ઉમ્મત ઈસ્તિગ્ફાર મેં મશ્ગૂલ હો. કુરઆન મેં બારી તઆલા કા ઈરશાદ હે : و ما كان الله ليعذبهم و أنت فيهم و ما كان الله معذبهم و هم يستغفرون તરજમહ : ઓર અલ્લાહ ઐસા નહીં હે કે ઉન કો ઈસ હાલત મેં અઝાબ દે જબ આપ ઉન કે દરમિયાન મોજૂદ હોં ઓર અલ્લાહ તઆલા ઈસ હાલત મેં ભી ઉન કો અઝાબ દેને વાલા નહીં જબ વો ઈસ્તિગ્ફાર કરતે હોં. (અન્ફાલ)

હઝરત અબૂ મૂસા અશ્અરી રદિ. ફરમાતે હૈં કે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ને ફરમાયા કે અલ્લાહ તઆલાને મુજ પર મેરી ઉમ્મત કે લિયે દો અમાન ઉતારે : (૧) અલ્લાહ તઆલા ઐસા નહીં કરેગા કે ઉન કો આપ કે હોતે હુએ અઝાબ દે. (૨) અલ્લાહ તઆલા ઉન્હેં અઝાબ નહીં દેગા જબ તક વો ઈસ્તિગ્ફાર કરતે રહેંગે. પસ જબ મેં દુનિયા સે ચલા જાઉંગા તો ઉન મેં ઈસ્તિગ્ફાર કયામત તક કે લિયે છોડ જાઉંગા. (તિરમિઝી શરીફ)

ઈસ્તિગ્ફાર કે લિયે બેહતર ઓર મુનાસિબ કલિમા જો હદીસ મેં આયા હે વો યે હે : أَسْتَغْفِرُ اللهَ الَّذِى لَا إِلٰهَ إِلَّا هُوَ الْحَيُّ الْقَيُّومُ وَ أَتُوبُ إِلَيْهِ

ઓર મુખ્તસર તોર પર نَسْتَغْفِرُ اللّٰهَ ભી મુફીદ ઓર મુઅસ્સિર હે. ઈસ કલિમે કો પઢતે વકત અપને સાથ પૂરી ઉમ્મત કી નિય્યત કર લી જાએ. આજ કલ હુકૂમત કી તરફ સે ૨૧ દિન કે લિયે લોકડાઉન (ૌફહી મફધદ) કા એલાન હુવા હે. ઈસ લિયે હર એક કે પાસ વકત ઓર ફુરસત હે. કમ અઝ કમ તીન હઝાર મરતબા ઈસ કો પઢને કા એહતમામ કિયા જાએ. સાથ હી દુરૂદ શરીફ ભી તીન હઝાર મરતબા પઢા જાએ.

ઈસ્તિગ્ફાર ઓર તોબા કુબૂલ હો ઈસ કે લિયે જરૂરી હે કે બંદો કે જો હુકૂક છીને હોં – બરબાદ કિયે હોં ઉન કી અદાયગી કી તરફ તવજ્જોહ દી જાએ.

(૨) હઝરત ઉસ્માન રદિ. સે રિવાયત હે કે મેં ને નબીએ કરીમ સલ્લલ્લાહુ

અલયહિ વ સલ્લમ કો ફરમાતે હુએ સુના : જો આદમી શામ કે વકત યે દુઆ તીન મરતબા પઢેગા ઉસ કો નાગહાની – અચાનક કોઈ મુસીબત સુબહ તક નહીં પહોંચેગી. ઓર જો યે દુઆ તીન મરતબા સુબહ કે વકત પઢેગા તો ઉસ નાગહાની – અચાનક કોઈ મુસીબત શામ તક નહીં પહોંચેગી. (અબૂ દાવૂદ શરીફ) ઈસ લિયે ઈસ દુઆ કો સુબહ શામ તીન તીન બાર પઢને કા એહતેમામ કિયા જાએ :

بِسْمِ اللّٰهِ الَّذِیْ لَا یَضُرُّ مَعَ اسْمِهٖ شَیْئٌ فِی الْاَرْضِ وَ لَا فِی السَّمَاءِ وَ هُوَ السَّمِیْعُ الْعَلِیْمُ

(૩) ખુદ ભી ઓર ઘર કે તમામ અફરાદ કો પંજ વકતા નમાઝ પાબંદી સે પઢને કી તાકીદ કી જાએ.

(૪) કુરઆને પાક કી તિલાવત ભી એક મખ્સૂસ મિકદાર મેં કરને કા એહતેમામ કિયા જાએ.

(૫) સદકહ – ખૈરાત કા એહતેમામ.

કયૂં કે હદીસ શરીફ કે મુતાબિક સદકહ અલ્લાહ તઆલા કે ગઝબ કો ઠંડા કરતા હે. ઈસ વકત હુકૂમત કી તરફ સે હંગામી હાલાત કા એલાન હોને કી વજહ સે બહોત સે વો લોગ જો રોઝાના મઝદૂરી કર કે અપના ગુઝરાન ચલાતે થે ઉન કી કમાઈ કા ઝરીયા બંદ હોને કી વજહ સે જરૂરત હે કે ઉન કે ખાને – પીને કા ઓર દૂસરી જરૂરીયાત કા ઈન્તેઝામ કરને મેં તઆવુન કિયા જાએ. ચાહે વો મુસલમાન હો યા ગૈર મુસ્લિમ. ઈન્સાનિયત કી બુનિયાદ પર સબ કી મદદ કી જાએ. ઈસ કી બડી ફઝીલત હે.

(૬) ઘર મેં બેઠ કર ફુરસત કે અવકાત કો ગુનાહોં મેં હરગિઝ ઈસ્તેમાલ ન કરેં. હઝરત હકીમુલ ઉમ્મત રહ. કી કિતાબ 'નશ્રુત્તીબ કી ઝિક્રિન્નબિય્યીલ હબીબ' સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ કો ઘર કે તમામ અફરાદ જમા હો કર પઢેં ઓર સુનેં તો ઈન્શાઅલ્લાહ ઈસ બલા કે જલ્દી દૂર હોને કે ઉમીદ હે.

(૮) સિહત – તંદુરસ્તી કી હિફાઝત કે સિલસિલે મેં હુકૂમત કી તરફ સે જિન હિદાયાત કી તાકીદ કી ગઈ હે ઉન પર અમલ કી પાબંદી કરેં. ઈસ મેં ગફલત ઓર લાપરવાહી હરગિઝ ન કરેં. ફકત.

*નોટ : કોરોના વાયરસના અનુસંધાને હઝરત અકદસ દા.બ. તરફથી પ્રકાશિત કરવામાં આવેલ બે લખાણો (એક દિલી ગુઝારિશ–મોજૂદા હાલાત મેં એક અહમ પયગામ)ને ઉપરોક્ત લેખમાં ભેગા કરી દીધા છે.*

---

# પાંચ નમાઝોની રકાતોની સંખ્યા

પાંચ નમાઝોની રકાતોની સંખ્યા અલગ અલગ કયા આધારે નક્કી કરવામાં આવી હશે ? હઝ. શાહ વલીયુલ્લાહ રહ. ફરમાવે છે કે, અમુક રિવાયતોથી માલૂમ પડે છે કે આ બાબતે પાછલા નબીઓની પ્રણાલીને સામે રાખવામાં આવી છે.

આ રિવાયતો કયી હોય શકે છે ? હઝરત મુફતી સઈદ સા. રહ. એની સ્પષ્ટતા કરતાં લખે છે કે, ઈમામ તહાવી રહ.એ ઈબ્ને આઈશહ ઉબૈદુલ્લાહ બિન મુહમ્મદનું કથન વર્ણવ્યું છે કે ફજર વેળા હઝરત આદમ અલૈ.ની તોબા કુબૂલ થઈ હતી, અને એમણે બે રકાત પઢી હતી. આ ઘટના ફજરની નમાઝનો આધાર બની. ઝુહર વેળા હઝરત ઈબ્રાહીમ અલૈ.ના પુત્ર હઝ. ઈસ્માઈલ અલૈ.નો ફિદયો આવ્યો તો હઝ. ઈબ્રાહીમ અલૈ.એ શુક્ર અદા કરવા ચાર રકાત નમાઝ પઢી, આમ આ ચાર રકાત ઝુહરની નમાઝનો આધાર છે. અસર વેળા હઝરત ઉઝૈર અલૈ. ફરીવાર જીવતા કરવામાં આવ્યા તો એમણે ચાર રકાત પઢીને અલ્લાહ તઆલાની ઈબાદત કરી હતી, એટલે અસર વેળા આ ચાર રકાતને બુનિયાદ બનાવવામાં આવી. સુરજ આથમતી વેળા હઝરત દાવૂદ અલૈ.ની તોબા કુબૂલ થઈ હતી, તો આપ અલૈ.એ ચાર રકાત પઢવાના ઈરાદે નમાઝ શુરૂ ફરમાવી પણ રડવાની એટલી બધી અસર થઈ કે ત્રણ રકાતો પઢીને જ બેસી ગયા. આમ મગરિબ વેળા આ ત્રણ રકાતને આધાર બનાવવામાં આવી. ઈશાની નમાઝ સૌપ્રથમ નબીએ કરીમ હઝ. મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જ પઢી છે, અને આપના અનુસરણમાં એને પાંચમી નમાઝ ઠેરવવામાં આવી. (અમાની લ અહબાર) રવઝતુલ ઉલમામાં છે કે ઈશાની ચાર રકાત નમાઝ સહુ પહેલાં હઝરત મૂસા અલૈ.એ અદા ફરમાવી હતી, અને એમના અનુસરણમાં ઈશા વેળા ચાર રકાતો નક્કી કરવામાં આવી. (અમાની)

આ રિવાયતો વર્ણવીને આગળ મુફતી સઈદ સાહબ રહ. લખે છે કે આ રિવાયતો નિરાધાર છે. ખોટી હોય શકે છે. ઈબ્ને આઈશહની રિવાયતની કોઈ સનદ નથી. હા, એટલી વાત હદીસ શરીફથી સાબિત છે કે નમાઝ ફરજ થયા પછી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને હઝરત જિબ્રઈલે પ્રથમ બે દિવસ નમાઝ પઢાવી, પહેલા દિવસે દરેક નમાઝના શરૂના સમયે અને બીજા દિવસે નમાઝના છેલ્લા સમયે, અને પછી હઝ. જિબ્રઈલ અલૈ.એ ફરમાવ્યું હતું કે, આ બધા સમયો તમારા આગલા નબીઓની નમાઝના સમયો છે. જેનો ખુલાસો આ થયો કે બધી નમાઝોનો આધાર તો આગલા નબીઓની શરીઅતમાં છે, પણ રકાતોની સંખ્યા વિશે સહીહ રિવાયતમાં કોઈ વર્ણન નથી.

*(રહમતુલ્લાહિલ વાસિઅહ : ૩/૪૦૫)*

# શેખ અબ્દુન્નબી ગંગોહી રહ.

શેખ અબ્દુન્નબી રહ. શેખ અબ્દુલ કુદ્દૂસ રહ.ના પોત્ર અથવા પપોત્ર હતા. વતનમાં ઈસ્લામી તાલીમ મેળવીને પછી ઝિયારતે હરમૈન માટે ગયા. મક્કાના ઉલમાથી ફિકહ અને હદીસનું ઈલ્મ મેળવીને પરત ફર્યા. ત્યાગ અને તકવામાં મશહૂર હતા. પછી વાલિદ અને કાકાઓ સાથે 'સિમાઅ' બાબતે વિવાદ થયો. શેખ અબ્દુન્નબી સિમાઅ નાજાઈઝ કહેતા હતા. ઘરના જ બુઝુર્ગો સાથે વિવાદ થયો એટલે આપ રહ. દિલ્હી આવી ગયા. અહિંયા આપ રહ. ઘણી ખ્યાતિ મળી. અકબર બાદશાહ આપ રહ.થી ઘણો પ્રભાવિત થયો. પોતે આપ રહ.ના ઘરે હદીસો શીખવા અને સાંભળવા આવતો હતો. અંતે આપ રહ.ને 'વઝીએ આઝમ'નો હોદ્દો પણ આપવામાં આવ્યો. બાદશાહના દરબારમાં ઉચ્ચ સ્થાન ધરાવતા હતા એ દિવસોમાં આપ રહ.એ રય્યત અને પ્રજાની ઘણી સેવા કરી. મસ્જિદો, ખાનકાહો અને મદરસાઓ માટે એટલી બધી જમીનો વકફ કરાવી કે બીજા લોકોએ એનો એક ટકો પણ કામ નથી કર્યુ. હાલમાં જયાં જમીઅતે ઉલમાએ હિંદની ઓફિસ છે, એ 'મસ્જિદે અબ્દુન્નબી' આપ રહ.એ વિશેષ ધ્યાન આપીને તામીર કરાવી હતી. ૯૮૩ હિ.માં મસ્જિદ તૈયાર થયા ગઈ તો અબૂલ ફઝલ ફૈઝીએ એના માટે એની 'તારીખ' દર્શાવવા પાંચ શે'ર લખીને એક પથ્થર ઉપર કોતરાવીને લગાવ્યા. આજકાલ આ પથ્થર લાલ કિલ્લાના મ્યુઝિયમમાં છે.

બાદશાહના દરબારમાં આપ રહ.ના ઉચ્ચ સ્થાનથી હસદ કરીને લોકોએ બાદશાહને આપ રહ. વિરુદ્ધ ઉશ્કેરવાનું શરૂ કર્યુ. આ જ દિવસોમાં મથુરામાં એક મથુરામાં એક બ્રાહ્મણે પુજારીએ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની શાનમાં ગુસ્તાખી કરી. જેના વિશે આપ રહ.એ ફાંસીનો ફતવો આપ્યો. અકબર એનાથી નારાજ થઈ ગયો. એના હરમમાં મોજૂદ હિંદુ દાસીઓને પણ આપ રહ. વિરુદ્ધ રાજાની ઉશ્કેરણી કરવા માટે કામે લગાડવામાં આવી. અને રાજા ટોડરમલને કેસ સોંપ્યો. એણે દુશ્મનીમાં એમની હત્યા કરી દીધી. (નુઝહતુલ ખવાતિર, ૫/૩૮૦/ અઅલામ ઝરકલી, તઝકિરહ અકાબિરે ગંગોહ : ૨૩૦–૨૪૨)

દરબારી ઉલમા વચ્ચે ખેંચતાણ અને શેખ અબ્દુન્નબી રહ.ના આવા ઝઘડાનું કંઈક વર્ણન મુન્તખબુત્તવારીખ ઉર્દૂ : ૪૬૫ ઉપર જોઈ શકાય છે. મુલ્લા બદાયુનીએ એ જ અનુસંધાનમાં અકબરના વિચારોમાં આવેલ આઝાદ ખ્યાલીની ચર્ચા પણ કરી છે.

# શેખ અબ્દુલ કુદૂસ રહ. દ્વારા રાજાઓને નસીહત

શેખ અબ્દુલ કુદૂસ રહ.એ લોધીઓ અને મુગલોના પાંચ બાદશાહોનો ઝમાનો જોયો હતો. બહલોલ લોધી, સિકંદર લોધી, ઈબ્રાહીમ લોધી, બાબર અને હુમાયુ. શેખ અબ્દુલ કુદૂસ રહ.એ આ પાંચેવ બાદશાહો અને એમના અમીરો – વઝીરોને પત્રો કે ચિઠ્ઠીઓ લખીને હક વાત કહેવાની ફરજ પૂરી કરી. એમને ન્યાય કરવા અને લોકોના હકો પૂરા કરવાની નસીહત કરી. ઈસ્લામ તેમજ ઉલમાની કદર અને ખિદમત કરવાની તાકીદ ફરમાવી. મકતૂબાતે કુદૂસિય્યહમાં આ બધા પત્રો મોજૂદ છે. બાબરના નામે એક પત્રમાં આપ રહ.એ લખ્યું કે,

જો ગરીબો, કમઝોરો, નેક લોકો, ઉલમા, મશાઈખ અને મોહતાજ લોકોની મદદ અને ગમખ્વારીમાં ગફલત અને સુસ્તી કરશે તો આ બાબત એના માટે તબાહીનો સબબ બનશે. આ બધી બાબતો બાદશાહ માટે જરૂરી છે. બાદશાહ માટે આવશ્યક છે કે અલ્લાહ તઆલાની નેઅમતોના શુક્ર સ્વરૂપે ન્યાય અને ઈન્સાફને એવી રીતે સ્થાપિત કરે કે, કોઈ એક માણસ પણ બીજા માણસ ઉપર ઝુલમ ન કરી શકે અને સઘળી મખ્લૂક અને સૈન્ય પણ શરીઅત મુજબ અમલ કરે. નમાઝ જમાઅત સાથે પઢે. ઈલ્મ અને ઉલમાની કદર કરે. દરેક શહેર અને બજારમાં ચોકીદાર નિયુકત કરવામાં આવે, જેઓ શહેર અને બજારને શરીઅતના ન્યાય મુજબ સુધારે અને રોશન કરે.

મુગલ બાદશાહ હુમાયુને આપ રહ.એ બે પત્રો લખ્યા હતા. એક પત્રમાં આપ રહ. લખ્યું કે કે, દુરવેશોની મુહબ્બત عـــروة الـوثـقـى 'મજબૂત સહારો' છે. અને ઉલમા અને બુઝુર્ગો ઉપર એહસાન કરવું આ મજબૂત સહારાને પકડી લેવાનો ફાયદો આપે છે. દરેક દર્દની દવા અને દરેક મુશ્કિલમાં નજાતનો સબબ છે...... એમને જે કંઈ મદદ કે તોહફા આપવામાં આવે એ દફતરી પકડ અને નિગરાનીથી સ્વતંત્ર હોવા જોઈએ. જેથી એને બહાનું બનાવીને નાલાયક લોકો બુઝુર્ગોની ખિદમત અને ઈબાદતમાં ખલેલ ન પહોંચાડે.

હુમાયુના ઝમાનામાં આપ રહ. સાત વરસ જીવંત રહયા. બાદશાહને આપ રહ. સાથે ઘણી જ અકીદત હતી. બાદશાહ પોતે આપની નસીહત અને મઅરિફતની વાતો સાંભળવા આપની સેવામાં આવતો હતો.

મિરાતુલ અસરારમાં છે કે, નસીરુદીન હુમાયુ બાદશાહ મઅરિફત અને હકીકત ભરી વાતો તેમજ નસીહતો સાંભળવા આપની સેવામાં પધારતો હતો.

ગુજરાતની મહાન હસ્તી, ઇસ્લામી વિદ્યાઓના વિદ્વાન અને ફિલોસોફર

દારૂલ ઉલૂમ દેવબંદના શૈખુલ હદીસ અને અનેક કિતાબોના લેખક

# હઝ. મવ. મુફતી સઈદ સા. પાલનપૂરી રહ.

આપ (રહ.)નો જન્મ ઉત્તર ગુજરાતના જીલ્લા બનાસકાંઠાના એક ગામ 'કાલેડા'માં થયો હતો. આ વિસ્તારનું કેન્દ્રિય શહેર પાલનપુર હોવાથી આ વિસ્તારના લોકોને વધુ પડતા 'પાલનપુરી' કહેવામાં આવે છે. આપ (રહ.) પણ આખા જગતમાં આ જ નિસ્બતથી પ્રખ્યાત હતા.

વાલિદ સાહેબે આપનું નામ માત્ર અહમદ રાખ્યું હતું, તે જ કારણે તે વિસ્તારના વૃધ્ધો અને વડીલો આપ (રહ.)ને હમેશાં અહમદના નામથી યાદ કરતા હતા. પરંતુ ત્યાર પછી આપે જાતે પોતાનું નામ સઈદ અહમદ કરી દીધું અને ઉલમા વર્ગ આપને આ જ નામથી ઓળખે છે.

## તાલીમ અને કેળવણી.

આપ (રહ.)એ માનનીય વાલિદ સા. પાસે જ પઢાઈની શરૂઆત કરી, પરંતુ બાદમાં વાલિદ સાહેબે પોતાની વૈપારિક પ્રવૃત્તિઓના કારણે કાલેડાના મકતબમાં આપ (રહ.)ને દાખલ કરી દીધા. જયાં મૌલાના દાવુદ સાહેબ ચોધરી, મવલાના હબીબુલ્લાહ સાહેબ ચોધરી અને મૌલાના ઈબ્રાહીમ જોંકીયા વગેરે પાસે તાલીમ પ્રાપ્ત કરી. ત્યાર પછી ઉત્તર ગુજરાતના પ્રખ્યાત ઈદારા દારૂલ ઉલૂમ છાપી તશરીફ લઈ ગયા. જયાં આપે પોતાના મામા મૌલાના અબ્દુર્રહમાન સાહેબ (રહ.) અને બીજા ઉસ્તાદો પાસે ફારસી પઢી, વધુ પડતી ફારસીની તાલીમ આપે મામા પાસેથી જ મેળવી. ત્યાર પછી તે વિસ્તારના મહાન દીની આગેવાન મુસ્લિહે ઉમ્મત (સુધારક) હઝરત મવલાના નઝીર મિયાં સાહેબ પાલનપુરી (રહ.) ના મદ્રસા (જે પાલનપુર શહેરમાં હતો) માં દાખલો લીધો અને હઝરત મૌલાના મુફતી અકબર મિયાં અને મૌલાના હાશિમ બુખારી વગેરે પાસે અરબીની પ્રારંભિક તેમજ માધ્યમિક કિતાબો પઢી. આ રીતે શર્હે જામી સુધીની તાલીમ પાલનપુરમાં મેળવી.

ત્યાર પછી જામિઅહ મઝાહિરુલ ઉલૂમ સહારનપુરમાં ઈ.સ. ૧૩૭૭માં દાખલો લીધો. જયાં આપ ત્રણ વર્ષ સુધી રહયા, તે દરમિયાન આપે નહવ (અરબી વ્યાકરણ) અને મન્તિક (તર્કશાસ્ત્ર)ના ઈમામ હઝરત મવલાના સિદ્દીક સાહેબ (કુ.સ.) પાસે નહવ અને મન્તિક અને ફલસફાની અકસર કિતાબો પઢી, તેમજ હઝરત મૌલાના યામીન સાહેબ સહારનપુરી, હઝરત મવલાના મુફતી યહયા

સાહેબ સહારનપુરી, હઝરત મૌલના અ. અઝીઝ સાહેબ રાયપુરી અને હઝરત મૌલાના વકાર સાહેબ બીજનોરી (રહ.)થી વિવિધ વિદ્યાઓની કિતાબો પઢી.

ત્યાર પછી ઈ.સ ૧૩૮૦માં ફિકહ, હદીસ અને તફસીર અને અન્ય વિયષોની ઉચ્ચ તાલીમના હેતુથી દારૂલ ઉલૂમ દેવબંદ તશરીફ લઈ ગયા અને તેમાં કાયદેસરથી દાખલો લીધો. દારૂલ ઉલૂમ દેવબંદમાં આપ (રહ.) એ જલાલૈન શરીફ, અલ–ફવઝુલ કબીર, હિદાયા અવ્વલૈન, તસ્રીહે બિસ્ત બાબ, શર્હે ચિગમીની, રિસાલા ફતહિય્યહ, રિસાલા શમીમહ, હિદાયા આખરૈન, મિશ્કાત શરીફ અને બુખારીની તાલીમ મેળવી. દારૂલ ઉલૂમ દેવબંદમાં આપ (રહ.) એ મવલાના નસીર અહમદ ખાન સાહેબ, મૌલાના બશીર અહમદ ખાન સાહેબ, હઝરત મૌલાના સય્યિદ હસન દેવબંદી, મૌલાના અ.જલીલ સાહેબ કીરાનવી, હઝરત મૌલાના ઈસ્લામુલ હક આ'ઝમી, હકીમુલ ઈસ્લામ કારી મુહમ્મદ તૈયબ સાહેબ, હઝરત મૌલાના ફખ્રુલ હસન મુરાદાબાદી, મૌલાના મુહમ્મદ ઝહૂર સાહેબ દેવબંદી, હઝરત અલ્લામા ઈબ્રાહીમ બલયાવી સા. અને ફખ્રુલ મુહદ્દિષીન હઝરત મૌલાના સય્યિદ ફખ્રુદ્દીન અહમદ સાહેબ (રહ.)થી ઈલ્મી ફેઝ ઉઠાવ્યો.

ઉપરાંત શૈખ મુહમ્મદ અબ્દુલ વહહાબ મહમૂદ મિસ્રી સાહેબ પાસે અરબી અદબ અને મૌલાના સય્યિદ મુફતી મેહદી હસન સાહેબ (રહ.) પાસે ઈફતા પઢયું અને ફતાવાની પ્રેકટીસ પણ કરી. વળી એક વર્ષના બદલે બે વર્ષ સુધી હઝરત મૌલાના મુફતી સય્યિદ મેહદી હસન સાહેબ (રહ.)ની ખિદમતમાં રહયા. દારૂલ ઈફતાના જમાનામાં આપમેળે સંપૂર્ણ હિફઝે કુર્આનની મહાન સઆદત પણ મેળવી.

આપ (રહ.) ખૂબ જ હોશિયાર અને પ્રવિણ હતા, ખૂબ મહેનતી અને પરાક્રમી પણ હતા. જેથી હમેશાં પેહલા નંબરે જ ઉત્તિર્ણ થતા હતા.

## વિવિધ ખિદમાત

સામાન્ય પણે આપના અમલી જીવનમાં ત્રણ પાસા નજર આવે છે : (૧) તા'લીમ અને તદરીસ (૨) લેખનકલા (૩) દઅવતે દીન.

(૧) તાલીમ અને તદરીસ : આપની શૈક્ષણિક અને તાલીમી પ્રવૃત્તિઓ ઈફતા અને ફતવા પ્રેકટિસ સાથે જ શરૂ થઈ ગઈ, તે જ જમાનામાં આપ પોતાના નાના ભાઈઓને હિફઝે કુર્આન કરાવી રહયા હતા. અને ફારસીની કિતાબો પણ પઢાવતા હતા. તેમજ ઈફતાના બીજા વર્ષના અડધા વર્ષમાં આપ (રહ.) માદરે ઈલમી દારૂલ ઉલૂમ દેવબંદમાં સહાયક મુફતી નિયુકત થયા. પરંતુ ૨૧ શવ્વાલ ૧૩૮૪ હિજરીના આપ દારૂલ ઉલૂમને છોડી પોતાના વતન તશરીફ લઈ ગયા. ત્યાં વાલિદૈન સાથે અઠિવાડયા સુધી રોકાયા.

**રાંદેરમાં દીની ખિદમત :**

ઝીકઅદહ ૧૩૩૪ હિજરીના ગુજરાતની પ્રાચીન દીની દર્સગાહ દારૂલ ઉલૂમ અશરફિય્યહ રાંદેરમાં આપની મુદર્રિસની હેષીયતથી નિમણૂક થઈ.

જયાં આપ શાબાન ૧૩૯૩ સુધી કુલ નવ વર્ષ ખુબ જ મહેનતથી, ખંત, લગન અને ગહન અભ્યાસ સાથે તાલીમ સેવા આપતા રહયા. અત્રે ૯ વરસના તાલીમી સમય દરમિયાન અબૂદાવૂદ શરીફ, તિરમિઝી શરીફ, તહાવી શરીફ, શમાઈલ, મુઅત્તા માલિક, મુઅત્તા મુહમ્મદ, નસાઈ શરીફ, ઈબ્નેમાજહ, મિશ્કાત, જલાલૈન, અલવફઝુલ કબીબ, તરજમએ કુરઆન, હિદાયા, હુસ્સામી, શર્હે અકાઈદ વગેરે કિતાબોના સબક આપ રહ.એ પઢાવ્યા.

આ દરમિયાન આપ રહ.ને પોતાના ઉસ્તાદ મવલાના હાશિમ બુખારી સાહેબ રહ. દ્વારા ખબર પડી કે દારૂલ ઉલૂમ દેવબંદમાં એક ઉસ્તાદની જરૂરત છે, અને મવલાના બુખારી સા. રહ. પણ એવું ચાહે છે કે મુફતી સાહેબ એ માટે પોતાની અરજી કરે, એટલે આપ રહ.એ હકીમ મુહમ્મદ સઅદ રશીદ રહ.ના મશ્વેરાથી દારૂલ ઉલૂમમાં ઉસ્તાદ તરીકે સેવા આપવાની ઈચ્છા આધારિત પોતાની અરજી મોકલાવી. શાબાનમાં ટ્રસ્ટી મંડળની મીટીંગ થઈ તો હઝરત મવલાના મંજૂર નોમાની રહ.એ મુફતી સા. રહ.નું નામ રજૂ કર્યું અને આમ આપ રહ.ને દારૂલ ઉલૂમમાં નિયુકતી મળી ગઈ. શવ્વાલ ૧૩૯૩ હિ.થી રમઝાન ૧૪૪૧ હિ. સુધી આપ રહ.એ દારૂલ ઉલૂમમાં સેવાઓ આપી. દારૂલ ઉલૂમ ખાતે આપ રહ.એ ફલસફા, તર્કશાસ્ત્ર, ઉસૂલે ફિકહ, તફસીર અને હદીસની મહત્વની કિતાબોના સબક પઢાવ્યા. પહેલાં દારૂલ ઉલૂમમાં હઝરત મવલાના કારી તય્યિબ સાહેબ રહ. શાહ વલીયુલ્લાહ રહ.ની મશ્હૂર કિતાબ હુજજતુલ્લાહનો દર્સ આપતા હતા. એમની વફાત પછી આપ રહ.એ લાંબા સમય સુધી આ કિતાબનો દર્સ પઢાવ્યો. એક લાંબા સમય સુધી તિરમિઝી અને તહાવી શરીફ પણ આપ રહ.એ પઢાવી છે. અંતે હઝરત મવલાના શેખ નસીર અહમદ ખાનસાહેબ રહ.ની વફાત થતાં આપ રહ.ને દારૂલ ઉલૂમના શૈખુલ હદીસ અને સદર મુદર્રિસ નિયુકત કરવામાં આવ્યા.

લેખન પ્રવૃતિ અને કિતાબો :

આપ રહ.એ અનેક નાના – મોટા પુસ્તકો સંપાદન કર્યા છે, બધા જ ઈસ્લામી વિદ્યાઓ અને ઈસ્લામી ફિલોસોફીની ગહન સમજૂતી આપે છે.

(૧) તફસીર, હિદાયતુલ કુરઆન.

(૨) તોહફતુલ અલમઈ. હદીસની મશ્હૂર કિતાબ તિરમિઝી શરીફની સંપૂર્ણ

શરહ. વિવિધ હદીસો દ્વારા ફુકહા અને મુજતહિદ ઈમામો કેવી રીતે ઈસ્લામી હુકમો પુરવાર કરે છે એનું સુંદર વિવરણ અને સમજૂતી આ કિતાબમાં આપવામાં આવી છે.

(૩) તોહફતુલ કારી, શર્હે સહીહ બુખારી.

(૪) ફિકહુલ બુખારી ફી તરાજિમીહ.

(૫) રહમતુલ્લાહિ લ વાસિઅહ. હુજ્જતુલ્લાહિ લ બાલિગહ, હકીમુલ ઈસ્લામ હઝરત શાહ વલીયુલ્લાહ રહ.ની મશ્હૂર કિતાબ છે. શાહ સાહેબ રહ.ને શરીઅતના હુકમો બાબતે શરીઅતનો આશય, માનવીય માનસ, સમજ, જરૂરત વગેરે બાબતે ઊંડી સમજ હતી, તાલીમી દુનિયામાં ધીરે ધીરે આવી રહેલ જાગૃતિ અને પરિવર્તન ઉપર આપ રહ.ની નજર હતી, એટલે આપ રહ.એક પ્રકારની અગમચેતીથી આપ રહ.એ હુજ્જતુલ્લાહ... નામી એક એવી કિતાબ સંપાદન ફરમાવી, જેમાં શરીઅતના હઝારો નાના મોટા આદેશો અને આદર્શોને કુરઆન હદીસ ઉપરાંત માનવીય જરૂરત અને સમજના આધારે ઉપયોગી અને તર્કસંગત – બુદ્ધિગમ્ય પુરવાર કર્યા. અલબત્ત હઝરત શાહ સાહેબ રહ.ની વાતોને સમજવા માટે એમના દરજાની સમજ, બુદ્ધિ અને વિશાળ જ્ઞાન આવશ્યક છે. એમણે વિવિધ વાતો સમજાવવા પોતાની આગવી શૈલી અને આગવી ભાષા – પરિભાષા પણ વાપરી છે. એટલે આ કિતાબને સમજવું કે સમજાવવું દરેક માટે શકય ન હતું. હઝરત મુફતી સઈદ સા. રહ.એ આ વરસો સુધી દારૂલ ઉલૂમમાં આ કિતાબનો દર્સ પઢાવ્યો અને પછી એની શરહ–વિવરણ લખીને કિતાબને સરળ ઉર્દૂમાં રજૂ કરી છે

હઝરત મુફતી સાહેબ રહ.એ બહોળા ઈસ્લામી જ્ઞાન અને ઈસ્લામી ફિલોસોફીની ઊંડી સમજ કેળવી હતી. એટલે જ હઝરત શાહ વલીયુલ્લાહ રહ.ની વાતોને સમજવી આપ રહ. માટે શકય બન્યું. શાહ વલીયુલ્લાહ રહ.ની એક બીજી કિતાબ અલફવઝુલ કબીર ફારસીમાં છે, આપ રહ.એ એને અરબીમાં અનુવાદ કર્યું, આ કિતાબ આજે પણ મદરસાઓના કોર્સમાં શામેલ છે. હુજ્જતુલ્લાહની શરહ રહમતુલ્લાહમાં જરૂરી સુધારા – વધારા કરીને 'કામિલ બુરહાને ઈલાહી' નામની અલગ કિતાબ સંપાદન ફરમાવી. જેમાં હુજ્જતુલ્લાહના અંદાજ મુજબ જ શરીઅતને કુરઆન – હદીસ અને તર્ક – ફિલોસોફીથી પુરવાર કરીને સમજાવવામાં આવી છે.

***<u>દાવતી – તબ્લીગી પ્રવૃતિઓ :</u>***

તાલીમ – તદરીસ અને લેખન પ્રવૃતિ સાથે આપ રહ.ને વરસમાં અુમકવાર

દેશ વિદેશની સફરે પણ જતા હતા. અને તકરીર તેમજ નાની મોટી મજલિસો થકી લોકોને દીનની સમજ આપતા હતા, કયાંક વિશેષ દીની મશ્વેરા અને સલાહ માટે બોલાવવામાં આવતા તો સ્થિતિ અને સંજોગો અનુસાર યોગ્ય માર્ગદર્શન આપતા હતા. સામાન્ય રમઝાનમાં વિદેશ (આફ્રિકા, અમેરિકા, યુ.કે. કેનેડા વગેરે)ની સફરે જતા અને વરસ દરમિયાન અમુક દિવસનું આયોજન કરીને દેશના વિવિધ સ્થળોએ જરૂરત અને આમંત્રણ મુજબ સફરે જતા આવતા હતા.

જામિઅહ જંબુસર પ્રત્યે આપ રહ.ને શરૂથી જ દિલી લગાવ હતો. જામિઅહમાં પ્રથમવાર મિશ્કાત શરીફનો દર્સ શરૂ થયો તો પહેલીવાર આ કિતાબને પૂરી કરવાના મુબારક અવસરે આપ રહ. જામિઅહમાં પધાર્યા હતા. જામિઅહથી સંબંધિત વ્યકિત એમની સેવામાં દેવબંદ જતો તો જામિઅહ વિશે પુછપરછ ફરમાવતા હતા. હમણા ચારેક વરસ પહેલાં પણ આપ રહ. જામિઅહમાં પધાર્યા હતા, વઅઝનો એક જાહેર પોગ્રામ મગરિબ બાદ રાખવામાં આવ્યો હતો અને સવારે મસ્જિદમાં બુખારી શરીફનો દર્સ પણ પઢાવ્યો હતો.

મુજ નાચીઝ સાથે પણ આપ રહ. મહોબ્બત અને મહેરબાનોનો સંબંધ રાખતા હતા. ડાભેલની તાલીમના ઝમાનામાં હું મારા ઉસ્તાદ હઝરત મુફતી ઈબ્રાહીમ આછોદી સા. દા.બ. સાથે રાંદેર મુફતી સાહેબને મળવા જતો હતો. ત્યારથી ઓળખાણ અને મુહબ્બતનો સંબંધ હતો. મેં ત્યારે જોયું આપ રહ. એકલા રહેતા હતા અને જુમેરાતે આખા અઠવાડિયાનું ખાણું પકાવી લેતા હતા. જેથી આખું અઠવાડિયું વાંચન – લેખનમાં કોઈ અવરોધ ન આવે. આપ રહ. દેવબંદ તશરીફ લઈ ગયા ત્યાર પછી હું જયારે પણ દેવબંદ જતો તો આપ રહ.ના ઘરે મુલાકાત માટે જતો હતો અને આપ રહ. ઘણી જ મહેરબાની ફરમાવતા હતા.

આજે આપ રહ. જેવા બહુમુખી પ્રતિભા ધરાવતા મહાન આલિમ, વિદ્વાન, બલકે ઈસ્લામી ફિલોસોફરની વિદાય ઉમ્મત માટે ભારે ખોટ છે. અલ્લાહ તઆલાએ એની તકદીર અને તકવીન મુજબ જેટલો સમય આપ્યો હતો, એ પુરો થયો, જનાર હસ્તી એના ભાગનું કામ સારી કરીને ગઈ છે, હવે આગળનું કામ પાછળ રહી જતા લોકોના માથે છે. અલ્લાહ તઆલાથી દુઆ કરીએ કે અલ્લાહ તઆલા હઝરત મુફતી સાહેબની સેવાઓને કુબુલ ફરમાવે, એમના માટે સદકએ જારિયહ બનાવે અને એમના જેવા જ્ઞાન અને સમજ ધરાવતી અનેક હસ્તીઓ ઉમ્મતમાં પેદા કરીને એમની ખોટ પૂરી ફરમાવે. આમીન.

*લી. મુફતી અહમદ દેવલ્વી. ખાદિમ જામિઅહ*

## શરઈ માર્ગદર્શન
## ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

### નફો થાય તો વેચવાના ઇરાદે ખરીદેલ વસ્તુ ઉપર ઝકાત

સવાલ : મેં ૨૦૧૧ની સાલમાં ભરૂચ– દહેગામ રોડ ઉપર બે પ્લોટ વેચાણ લીધો છે. પ્લોટની રકમ મારા છોકરાની છે. પ્લોટ લીધો ત્યારે ઈરાદો નફો મળે તો વેચવાનો હતો, એ આધારે બે વર્ષથી પ્લોટની રકમના આધારે ઝકાત અદા કરી છે, પરંતુ હવે પ્લોટ લેવા માટે ઘણા ગ્રાહકો આવે છે અને નફો પણ મળે એમ છે, પરંતુ જે બેટાની રકમથી પ્લોટ લીધા છે અને માલિકી તેની છે, તે પ્લોટ વેચવાની ના પાડે છે, અને હાલમાં પ્લોટ વેચવા નથી, ભવિષ્યમાં વિચારીશું એમ જણાવે છે, આમ ખરીદતી વખતે નફો થશે તો વેચવાની નિયત હોવાથી ઝકાત લાગુ થશે ? અથવા હાલમાં ઈરાદો બદલવાથી કોઈ ફેરફાર થશે. તેનો જવાબ આપવા વિનંતી છે.

જવાબ : હામિદવ્ વ મુસલ્લિયવ્ વ મુસલ્લિમા

સોના – ચાંદી સિવાયના માલમાં ઝકાત ત્યારે લાઝિમ થાય છે કે જયારે કે તેના માલિક બનતી વેળાએ સ્પષ્ટ રીતે વેપારની નિય્યત હોય, જો ખરીદ કરતી વેળાએ આમ નિય્યત હોય કે નફો થશે તો વેચાણ કરીશું, નહીં તો નહીં, આવી સ્થિતિમાં મઝકૂર માલમાં ઝકાત લાઝિમ થતી નથી. (દુર્ર – શામી : ૩ / ૧૯૫, ઝકરિયહ,તાતારખાનિયહ : ૩ / ૧૬૯)

એવી જ રીતે કોઈ વસ્તુ ખરીદતી વેળાએ વેપાર કરવાની વેચાણ માટેની નિય્યત ન હોય, અલબત્ત બાદમાં નિય્યત વેચાણની કરે તો પણ આવા માલમાં ઝકાત લાગુ થતી નથી. (હિદાયા : ૧ / ૨૦૩, ફેસલ, તાતારખાનિયહ : ૩ / ૧૬૬)

માટે રજૂ કરેલ સૂરતમાં સદર પ્લોટોમાં ખરીદનારે દર્શાવેલ નિય્યત જોતાં ન તો ખરીદના દિવસે ઝકાત લાગુ થાય છે, અને ન હાલના ધોરણે લાગુ થશે. ફક્ત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે. (૧૭/રમઝાન,૧૪૩૩ હિજરી,૭/૮/૨૦૧૨ ઈ.)

### શોહર પાસેથી તલાક માંગવાનો હુકમ અને રીત

સવાલ : ઓરત પોતે પોતાના ધણી પાસેથી તલાક લેવા માંગતી હોય તો શરીઅત શું કહે છે ? ઈદ્દત બારામાં અથવા ફેસલામાં કેટલી રકમ માંગી શકે છે ?

જવાબ : હામિદવ્ વ મુસલ્લિયવ્ વ મુસલ્લિમા

સામાન્ય હાલતમાં એક ઓરતનું શવહર પાસે તલાકની માંગણી કરવું શરઈ દ્રષ્ટિએ મના છે. હદીસ શરીફમાં આ વિશે સખત વઈદ વર્ણન થઈ છે. હુઝુર (સલ.) ફરમાવે છે : જે ઓરત એના શોહરથી જરૂરત અને કારણ વિના તલાકની માંગણી કરે, તો આવી ઓરત માટે જન્નતની ખૂશ્બૂ હરામ છે.(મિશ્કાત શરીફઃ ૨૮૩)

અલબત્ત જરૂરતના લઈ એક ઓરત પોતાના શોહરથી તલાકની માંગણી કરી શકે છે, જેની રીત એ છે કે તેણી શવહર પાસેથી મહેરની વસૂલી બાકી હોય, તો તેને માફ કરવાના બદલામાં અથવા વસૂલ કરી લીધેલ હોય તો મહેર પરત કરવાના બદલામાં કે અન્ય માલના ઈવજમાં શોહરથી તલાકની માંગણી કરે અને શવહરથી તલાક લઈ લે. આને જ શરીઅતની ભાષામાં 'ખુલઅ' કહેવામાં આવે છે, આવી સૂરતમાં શવહર તલાક આપવા તૈયાર ન હોય, તો પછી જે તે 'શરઈ પંચાયત'થી સંપર્ક કરી, તેમાં છૂટાછેડા બાબત અરજી કરવામાં આવે, શરઈ પંચાયત તપાસ કરી, શરઈ ધારા–ધોરણો આધિન માંગણી હશે તો છૂટાછેડા કરી આપશે.

બંને સૂરતોમાં ઓરતના શિરે 'ઈદ્દત' જરૂરી છે, જેને શવહરના ઘરે પૂર્ણ કરવાની રહેશે. ઈદ્દતની મુદતમાં ઓરતની ખાધા – ખોરાકીનો ખર્ચ શવહરના શિરે લાગુ થશે, શરીઅત તરફથી એની કોઈ માત્રા નક્કી કરવામાં આવી નથી, બલકે જે તે જગ્યાની વસ્તુઓના ભાવો નજર સમક્ષ રાખી પરસ્પર નક્કી કરી લેવામાં આવે અથવા પછી દીનદાર અને અનુભવી લોકોના પંચ પાસે ખાધા – ખોરાકીના મધ્યમસર ખર્ચની માત્ર નક્કી કરી લેવામાં આવે. ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે. (૧૧ / શવ્વાલ ૧૪૩૩ હિજરી – ૩૦ / ૮ / ૨૦૧૨ ઈસ્વી)

## ઓરતે તલાક લીધી હોય તો બાળકો કોની પાસે રહેશે ?

સવાલ : ઓરત જાતે તલાક લેવા ચાહે તો ઔલાદના બારામાં શરીઅત શું કહેવા માંગે છે ? ઔલાદને માં રાખી શકે છે કે પોતાના બાપ પાસે રહી શકે છે ?

જવાબ : હામિદવ્ વ મુસલ્લિયવ્ વ મુસલ્લિમા

અવલાદના નાની હોય, તો તેમની પરવરિશનો હક ઓરતને પ્રાપ્ત છે અને આ આધારે માં નાની અવલાદને પોતાની પાસે રાખી શકે છે, પુત્ર હોય તો સાત વર્ષ સુધી અને પુત્રી હોય તો નવ વર્ષ સુધી માં પોતાની પાસે પરવરિશ અર્થે રાખી શકે છે, ત્યાર બાદ પુત્ર – પુત્રીને બાપના સુપ્રર્ત કરી દેવાની રહેશે અને શરઈ કારણોસર આથી પહેલા પણ બાપ પોતાની અવલાદને તેઓની મા પાસેથી લઈ શકે છે. અવલાદના આ તમામ સમયનો ખાધા – ખોરાકી ખર્ચ, તેમજ અવલાદની પરવરિશનો ખર્ચ બાપે અદા કરવાનો રહેશે. ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

*બોધકથા ...*

ઈબ્ને કય્યિમ રહ. લખે છે કે, હું એકવાર એક ઝાડ નીચે બેઠો હતો. ત્યાં એક કીડી ફરતી હતી, એણે કોઈ જંતુ કે કીડાની છુટી પડેલી પાંખ જોઈ તો એને ખેંચીને લઈ જવાનો પ્રયાસ કરવા માંડી, પણ પાંખ મોટી હતી, એટલે સફળ થઈ નહીં. આખરે એ કીડીઓના દરમાં ગઈ અને ઘણી બધી કીડીઓને લઈને બહાર આવી.

મેં આ જોઈને એ પાંખ ત્યાંથી હટાવી લીધી. કીડીઓ ત્યાં આવીને પાંખ શોધવા લાગી, ઘણી શોધખોળના અંતે પાંખ ન મળી તો બધી કીડીઓ પાછી વળી ગઈ, પણ એક કીડી આમ તેમ ફરતી રહી, કદાચ એ પહેલી કીડી જ હશે. થોડીવારે મેં એ પાંખ એની સામે મુકી દીધી, તો એ ફરીવાર કીડીઓને બોલાવવા દોડી, આ વેળા પહેલાં કરતાં ઓછી કીડીઓ એની સાથે આવી. આ વેળા પણ મેં એ પાંખ સંતાડી દીધી અને કીડીઓને મળી નહીં એટલે બધી કીડીઓ પાછી વળી ગઈ પણ એક કીડી આમતેમ શોધતી રહી.

થોડીવારે મેં પાંખ એની સામે મુકી દીધી તો ફરી એ કીડીઓને બોલાવવા દોડી, પણ આ વેળા એની સાથે ગણીને સાત જ કીડીઓ આવી. મેં આ વેળા પણ એમ જ કર્યું, અને કીડીઓને કોઈ વસ્તુ મળી નહીં તો સાતેવ કીડીઓએ એ કીડીને ટુકડે ટુકડા કરીને મારી નાખી. આ દરમિયાન અચાનક મેં એ પાંખ એમની પાસે મુકી દીધી, હત્યારી કીડીઓ સામે અચાનક પાંખ આવી ગઈ તો બધી કીડીઓ તુરંત મૃત કીડીની પાસે આવીને ભેગી થઈ ગઈ, જાણે એની માફી માંગતી હોય... !

ઈબ્ને કય્યિમ રહ. ફરમાવે છે કે આ બધું જોઈને મને ઘણો અફસોસ થયો. અને બધી ઘટના મેં ઈબ્ને તયમિયહ રહ.ને દર્શાવી, એમણે મને નસીહત કરી કે અલ્લાહ તઆલા તમને માફ કરે, હવે આવું ન કરશો.

ઈબ્ને કય્યિમ રહ.ની કિતાબ મિફતાહુ દારિસ્સઆદહમાંથી ટાંકીને આ કિસ્સો પાછલા દિવસોમાં વોટસએપ ઉપર વાંચવા મળ્યો. કિસ્સો ઘણો બોધદાયક છે, અને સહુથી મોટો બોધ આ છે કે, આ કીડીઓમાં બંને તરફ કંઈક અંશે વિશ્વાસની ઉણપ હતી. અમુક કીડીઓ ત્યાં જ રહીને શોધવામાં લાગત તો પેલી કીડીની મદદ થઈ જાત. અને પહેલી કીડીએ જયારે જોયું કે હું બે વાર ખોટી પડી ચુકી છું અને ફરીવાર કોશિશ કરવાથી મારા પ્રત્યેનો વિશ્વાસ ખતમ થઈ જશે તો એણે પોતાની કોમ સાથે જ રહેવું જોઈતું હતું અથવા પોતાનું કામ એકલે હાથે કરી બતાવવું હતું.

*કમઝોર વ્યકિતએ કોમ સાથે રહેવું જોઈએ અને હિમ્મતવાળાએ એકલા હાથે પોતાનું કહેલું સિદ્ધ કરી બતાવવું જોઈએ.*

# The beauty of an Ummati is from their Akhlaq

Allah's Nabi(sallallahu alaiyhi wassallam) has intimated that each ummati of his is beautiful. But this beauty is not due to colour or any such thing; rather the beauty of an ummati is from his (or her) akhlaq (character). Allah Ta'ala has said that a person's akhlaq is a tremendous thing.

Today I am at fault – I was late and I apologize for it. Your prayer has been delayed by 15 minutes and my conscience is reproaching me. I ask your forgiveness since apologising is also a part of akhlaq (character). May Allah forgive us for our bad akhlaq (character). Akhlaq is that you do not cause the slightest suffering to the creation of Allah; Allah's Nabi(sallallahu alaiyhi wassallam) himself gave a beautiful definition of it in the hadith: "Love for your brother what you love for yourself."

What a fine criterion. Think, would you like someone to swear at your mother or to abuse your brother or sister? Whenever you are about to say something bad to anyone, then immediately think how bad you would find it if it were said to you. Similarly, if you decide that you like something then wish the same for your brother.

It is not simply a matter of performing sajdahs (pros- tration), reciting the Quran and staying hungry all day long. Rather in this month of Ramadhan we should try to improve our akhlaq.

We should try to improve relations with those whom we do not get on; we should seek forgiveness from those who are angry with us; and we should create such a feeling of brotherhood that the ummah becomes one in reality. Today this is the cause of the disunity which we have, though we pray in one row our hearts are filled with feeling like hate and insincerity. In fact this community of ours is so dirty that we are ashamed to ask one another for forgiveness.

**Excellent Akhlaq :**

Excellent akhlaq is that of Nabi Kareem (sallallahu alaiyhi wassallam). He lived in this type of society – with Christians and Jews. And he showed what is good akhlaq – not even enemies could fault him for his akhlaq. To this day no writer or historian has been able to criticise Nabi Kareem(sallallahu alaiyhi wassallam) for his akhlaq. And this is the one sign of a good person – that their akhlaq is excellent.

My friends from today let us make a promise to ourselves that we never let our akhlaq fall. Let us love the young and respect the old and if we have any insincerity or bad feeling in our hearts then let us ask Allah for forgiveness. Remember Allah Ta'ala has said, "If you take less from someone in this life then I will give you more in Paradise. If you ask someone to forgive you then I will give you a higher rank then them in Paradise. The more you make yourself humble amongst creation, the more I

will raise your rank in Paradise.” So do we want the dunya or do we want Paradise? I say we should wander the streets looking for people and apologising to them.

Now let me say that bad akhlaq is an illness of our inner selves. If you have heard one part of the Quran then have you become pious? Are your inner illnesses cured? The Quran is a cure for all humanity (not just the believers). And the Quran is there to cure our akhlaq. If I place a bottle of medicine before you, it can sit there for days and it will have no effect on you – until you eat it.

When the light of the Quran and Sunnah shines on a gathering then people’s hearts melt like wax. But when a person leaves the company of the friends of Allah Ta’ala , the hearts become hard again. So is there a medicine which will keep hearts soft even after leaving the company of the friends of Allah ? Rasoolallah (sallallahu alaiyhi wassallam) said that if you want to keep your hearts soft and cure the illness of bad akhlaq then you have to perform the dhikr of Allah !

Dhikr of Allah Ta’ala is the thing to improve akhlaq, do sincere dhikr of Allah Ta’ala and such a light will enter your heart that people will say what good akhlaq this person has.

---

***દુઆએ મગફિરત*** : આ વરસે (૧૪૪૧ હિ. ૨૦૨૦) દરવએ હદીસથી ફારિગ થનાર જામિઅહના ફાઝિલ મોલ્વી ઈમરાન ગુલઝાહ શાહ, વડોદરા,ના અહલિયહ અને નવજાત બાળક, બંને એકસાથે ઈન્તેકાલ ફરમાવી ગયાં. ઈન્નાલિલ્લાહ.. વાચકોથી મરહૂમહ માટે દુઆએ મગફિરતની દરખાસ્ત છે.

## ગુનાઓની એક મોટી સજા

એક બનીઈસરાઈલ – યહૂદી પાદરી અલ્લાહ તઆલાને પોકારીને કહેતો હતો કે, હે ખુદા, મેં તારી કેટલી નાફરમાની કરી છે, છતાં તું મને સજા નથી આપતો. અલ્લાહ તઆલાએ તે વેળાના નબી ઉપર વહી ઉતારી કે, એને કહો કે મેં પણ તને ઘણી સજાઓ આપી છે, પણ તને કોઈ એહસાસ કેમ નથી ? શું તારી ઈબાદતમાંથી શોખ – લગન અને મીઠાશ મેં ખતમ નથી કરી દીધાં ?

## દીનદારી જ અસલ માલદારી

હઝરત હસન બસરી રહ.ને પૂછવામાં આવ્યું કે, અલ્લાહ તઆલાએ કુરઆનમાં દુઆ બતાવી છે કે, હે અલ્લાહ અમને અમારા બીવી બચ્ચાઓ થકી આંખોની ઠંડક આપો. એનો શું મતલબ છે ? હસન બસરી રહ.એ જવાબ આપ્યો કે, માણસ એના બીવી – બચ્ચાઓને જુએ તેઓ અલ્લાહની ફરમાબરદારી કરી રહયા છે, એ આંખોની ઠંડક છે.

## કુરઆનની તિલાવત

એમ તો કુરઆનને દિલ – દિમાગથી સમજીને પઢવું જ અસલ રીત છે, કુરઆન સમજવા માટે જ નાઝિલ થયું છે, છતાં અમુક વેળા કુરઆન મોઢેથી જ પઢવું જરૂરી છે, જેમ કે નમાઝમાં... અહિયાં કોઈ માણસ મનમાં કે દિલમાં પઢી લે તો એ ચાલશે નહીં, હા, મોઢેથી પઢવાની સાથે સમજીને પણ પઢે તો ઘણું સારું પણ જરૂરી તો નથી જ.

## ગરીબો–સખીઓ બધા ખતમ

અબુલ હસન કાબસી રહ.એ એક માણસને જોયો કે મસ્જિદના દરવાજે મોટેથી બુમ પાડીને લોકોથી સવાલ કરી રહયો હતો, સખીઓ કયાં ગયા ? દાનવીરો કયાં છે ? સદકો – ખેરાત કરનારા કોણ છે ? એમણે એને જવાબ આપ્યો કે આ બધા સખીઓ અને દાનવીરો, એવા ગરીબો સાથે ચાલ્યા ગયા જેઓ તારી જેમ બુમો પાડીને ભીખ માંગતા ન હતા.

## હસદનો ગુનો

હસદ – ઈર્ષા, આસમાન ઉપર થનાર અલ્લાહ તઆલાની સૌ પ્રથમ નાફરમાની – ગુનો છે. શયતાને હઝ. આદમ અલૈ. પ્રત્યે હસદ કર્યો. અને ધરતી ઉપર પણ સહુપ્રથમ આ જ ગુનો આચરવામાં આવ્યો. એટલે કે હઝરત આદમના એક પુત્રે એના ભાઈ પ્રત્યે હસદ કર્યો અને હત્યા કરી દીધી.

## મશ્વેરો આપવાની સાચી રીત

કોઈ માણસ એની કોઈ સમસ્યા, મુસીબત, પરેશાની, જરૂરત વગેરે બાબતે મશ્વેરો કરે તો સહુ પ્રથમ એને અલ્લાહ તઆલા પાસે દુઆ કરવા અને અલ્લાહ તઆલા ઉપર ભરોસો કરવાની તાકીદ કરો, પછી જે મુનાસિબ હોય એ સલાહ એને આપવામાં આવે.